## વૈરાગ્ય

★ **जो जितना ऊंचा उतना ही एकाकी होता है ।**
**चहेरे पर मुस्कान छिपा कर मन ही मन रोता है**

★ ઊંઘ આવે તો તરત મીંચો નયન
રાતનો ક્યારે ભરોસો હોય છે ?

★ હજી સાવ ક્યાં જાળ ઊંચકાઈ છે ? હજી તો જરા વાર તરવાનો છું.

★ ડુંગરાનું રૂપ મુરઝાઈ ગયું
સાવ પાસે આવવું એ પાપ છે.

★ થઈ ગયું એકાંત પૂરું ઓ મરીઝ, અંતકાળે લોક ભેગા થઈ ગયાં.

★ વાંસ પધરાવ્યા ચિતા પર છેવટે
લોહીના સંબંધ ફટ્ ફૂટી ગયા

★ મૃગજળ છે આ ખરેખરો સાગર નથી 'ગની'
જીવનનું નીર એટલે ખારું નથી થયું.

★ તરત તૂટશે પાણીમાં ચાલી પગલા
અરે કોઈ આવો મને સ્હેજ રોકો.

★ સારા કે નરસા કોઈને દેજે ન ઓ ખુદા !
એવા અનુભવો કે જે ભૂલી શકાય ના

★ સંઘરી રાખી હતી એમ જ અને
શક્યતા તો સાપનો ભારો થયો.

★ થાકતાં ને હાંફતા માણસ અહીં પૂછ્યા કરે
ક્યાં સુધી જીવ્યા કરીશું આપણે વરસોવરસ ?

★ કોઈનો પણ સાથ લાંબો સાંપડતો નથી
કેમ કે આ શહેરમાં કૈં એક બસ રસ્તો નથી

★ અમારી જિંદગીનો આ સરળ સીધો પરિચય છે
રુદનમાં વાસ્તવિકતા છે, ને હસવામાં અભિનય છે



★ રાતના ભરચક હતી એ સૃષ્ટિ આખી ક્યાં ગઈ
ઓ ઋજુ સપનાઓ મારી ઊંઘ એ તપ્તો નથી.

★ એક ઉઘડેલા ઘરને ન જોયું મેં એટલે
દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારને.

★ હું ય આવ્યો તો રહ્યો તો એમ તો એ શહેરમાં
આજ નકશામાં કશો એ શહેરનો પત્તો નથી.

★ નાખુદા ખુશ છે કે કબજામાં રહે છે નૌકા
એ ભૂલી જાય છે દરિયા પર અધિકાર નથી.

★ લાગણીની બીક લાગે છે મને, વાત એ પણ ઠીક લાગે છે મને.
પાણીમાં ચહેરાને જોયો એ પછી, દર્પણો દાંભિક લાગે છે મને.

★ આ શું કે સતત ભય રહે તૂટી જશે સંબંધ
વીજળીની ડાળ પર કોઈ માળો ન બાંધજો.

★ જિંદગીની ક્ષણો સુકાયેલાં પર્ણો સમ ખરે.
અને સતત ગતિએ આયુષ્યનાં વર્ષો સરે.

★ એક માણસ જે હતો ભીનો કોઈ શ્રાવણ સમો,
એ ય વેંચે છે બધાને આજ મૃગજળ શહેરમાં.

કોનો દીકરો કોનો ? બાપ ?
હું તો કાંચળિયો છું સાપ.

★ ન કેવળ એ, પણ આપણે સૌ કસ્તૂરીમૃગ છીએ
ભટકવું હોય ના વન વન, તો સુગંધો ભુલાવી દો

★ જે નથી એ પામવાના કોડ છે, એટલા માટે સતત આ દોડ છે.

★ તું જાળ ફસાયું મીન છે.
પછી રાખ થવાનો દિન છે.

★ એક અકળને ખબર છે એટલી, રાતવાસો થઈ શકે છે ફૂલમાં.

★ એરણ લીધી છે ચોરી, ને દીધા દાન સોયના
તક્તીમાં મારું નામ સદા કોતરી ગયો

★ આહ કુદરતની અલ્પ સુંદરતા, પૂરેપૂરો દિવસ પ્રભાત નથી.

★ મોતી અમૂલ પામવા સાગર તરી ગયો
પહોંચ્યો કિનારે ત્યાં તો દરિયો વીફરી ગયો

★ આજ કરે કાં કાલની વાત, આડે છે એક આખી રાત.

★ ફૂલને ખબર નથી કે આ તો સાંજ પડી છે,
રંગબેરંગી મહેફિલ હવે તો ઘડી-બે ઘડી છે.

★ અમે ડુબી શક્યા ના એમાં વિધિની કરામત છે
નહીં તો નાખુદાના યત્નમાં તો કોઈ કસર નથી.

★ કંઈ ફૂલ ખીલ્યા ને કરમાયાં ને ચગદાયા પણ,
સૌ એ સૌમાં મસ્ત અહીં તો કોઈની કોને પડી છે ?

★ સાંત્વન ક્રૂર જગતનું મળે એની પહેલાં
તારા દુઃખનો તું પોતે જ દિલાસો થઈ જા.

★ કોઈનું મૃત્યુ બને છે કોઈનો અવસર અહીં,
ડુબતા સૂરજને જોવા લોક ભેગા થાય છે.

★ એનું હસવું માત્ર એક વ્યવહાર,
એના આંસુ માત્ર એક રિવાજ.

★ સૂર્ય પણ લાચાર થૈ બેસી પડે
સાત ઘોડા એના ભાગી જાય તો

★ એ હકીકત છે કે પડછાયો નથી,
માત્ર એને માનવી કહેવો નથી.

★ નિત્ય નૂતન રંગ જોવાના ગમે
પગલે પગલે આંખને ભટકાય રણ

★ ખુદા આ ઝાંઝવામાં શું ભર્યું છે કે મરે છે સૌ ?
નદી પર તો કોઈનો પ્રાણ લલચાઈ નથી શકતો.

★ તમે તો દિવાસ્વપ્ન જોયાં કરો છો,
અમસ્તુ અમસ્તુ વગોવાય ઝોકું.

★ ભલે હો આંસુ મોતી પણ ન સાચાં માનજો એને.
કે એ પાકે છે રણમાં, નીકળે છે ઝાંઝવામાંથી.



★ એમાંથી આ નિસાસા રુદન દૂર થૈ શકે ?
લાગે છે આ જગત કોઈ વિધવાનું ઘર હશે.

★ સોનવરણી મૃગનું એ છળ હશે
પ્યાસ પાછી વળ નર્યું મૃગજળ હશે

★ રંગોને જોઈ જોઈને થાકી ગયું છે એ
કેવી રીતે પતંગિયું ઉલ્લાસમાં રહે ?

રમતાં રમતાં લડી પડે ભૈ માણસ છે.
હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે.

★ શ્વાસના ટહુકાઓ મૂંગા થૈ ગયા,
અલવિદા મિત્રો ! મને રડશો નહીં

★ ખુશીની વાત કરનારા, ન ગભરા,
મને આદત પડી ગઈ છે રુદનની.

★ હરપળે બદલાય તે શું ચીતરું,
આંખ રોકાતી નથી મૃગજળ ઉપર.

★ મસ્ત યૌવન પછી આવ્યું આ ઘડપણ એવું,
જાણે કીધેલા ગુનાહોની સજા રહી ગઈ.

★ મુકે છે દોટ તીવ્ર તરસથી બધાં હરણ,
મૃગજળના હાથમાં જ જગતનું નસીબ છે.

★ મનુષ્યો ભાગ ભજવે છે કદી ઈશ્વરથી ચડિયાતો,
નવાં નિત મોત આપે છે અને મરવા નથી દેતા.

★ ચાંદની સમજી અમે મુઠ્ઠી ભરી,
મૂઠ ખોલી ત્યાં જ તડકો નીકળ્યો.

★ It you don't like the heat, get out of the kitchen.

★ સહેલાઈથી જે પ્રશ્નોને સર્જી રહ્યો છે તું,
સહેલાઈથી એ પ્રશ્નો પતાવી નહીં શકે.

★ આખે આખું છીપલા જીવે મોતીડાની કાપંકાપ.
પાણી છે પણ લહર વિનાનું મૃગજળ માથે કેવો શાપ ?

ચારે ભીતો ભીંસવા કાજ, જપતી ધરતીકંપના જાપ
★ ચડે છે તે પડે છે, ના કરો હદ બ્હારની વાતો,
ગગનને માપનારા અંતે ધરતીને જ માપે છે.
★ વાત એ હરણું ભૂલેલું ચંદ્ર પર ચડતાં,
ચંદ્રને રાહુ ગમે ત્યારે ગળી જશે.
★ દોસ્તોની મહેર કે સંખ્યા વધી ગઈ જખ્મની,
દુશ્મનોનું એ પછી વર્તુળ નાનું થઈ ગયું.
★ આંખ પર પથરાય છે સૂર્યાસ્તની ઘડી,
હું રહું ઊભો ને છાયા ઢળી જશે
★ કાલ મઝધારેથી તારણહાર લાવ્યા સૈફને,
આજ જોયું તો કિનારે એક નવું તોફાન છે
★ સેંકડો પગલાં મરે, તો થાય છે કેડી,
મંઝિલો આ પાપ કરવાથી મળે એ શું ?
★ પરંતુ એટલું જાણું છું હસતા હોય છે મિત્રો,
અને હું જાઉં છું તો ત્યાં વિષય બદલાઈ જાએ છે.
★ પ્યાસ સમજી ન શકી એ ઝાંઝવાનું જળ હતું
પ્રેમપત્રો આખરે તો અક્ષરોનું છળ હતું.
★ કોણ જાણે પ્યાસ ક્યારે છીપશે ?
ઝાંઝવાના જળ જ ચારે કોર છે.
★ ન કેવળ તરસથી મરે મૃગ કદી,
ગળે ઝાંઝવાની હશે ભીંસ પણ.
★ મુસીબતોમાં મગર કોઈ પણ મળ્યો જ નહીં,
મને હતું કે બધા મિત્ર ઓળખાઈ જશે.
★ લાગે માસુમ ચહેરો જળનો પણ એ જ જળ
નાવ ડુબાડી ભલું ભોલું બને એવું બને
★ પિંજર ખોલીશ તો યે પારધિ ! હું નહીં ઉડું હવે તારા વગર



★ મૂઠ દાણા જોઈ પંખી એ ભૂલી ગયું.
આટલામાં પિંજરુ અને બાણ પણ હશે.
વાત દરિયાની કરી છલકાય છે, માણસો પણ કેવા કેવા થાય છે !
★ મુખ ખોલે તો ઉઘાડા થાય સૌ,
એટલે દર્પણ અવાચક હોય છે.
★ રચું છું કુંડલી ત્યારે ગ્રહો પલટાઈ જાય છે
★ સદા સાથ આંસુ જ દેશે ભલા,
હરખ તો ઘડી બે ઘડીનો જ છે.
★ તને તારી મને મારી પડી છે, બધાને પોતપોતાની પડી છે.
★ જિંદગીભર જેમણે પગ તળે કચડ્યો મને,
અંત વેળા એમની કાંધે જ ચડવાનું બન્યું.
★ નાગ પરિચયના વીંટાળીને ફરું છું રાત-દિન,
તે પછી તો ઝેર કાયમ ગટગટાવાનું બન્યું.
★ હવે જરાક વધારે નિકટ બની મૈત્રી,
હવે હું સ્વાર્થ નહીં પણ સ્વમાન જોઉં છું
★ ચૂંદડી ઓઢી મરશિયા આવજો
શ્વાસનો આ આખરી તહેવાર છે
★ કેટલા વર્તુળ મને ડુબાવવા માટે ઉઠ્યા
તો ય હું તો દોસ્તની દરિયાદિલી જોતો રહ્યો.
★ પીઠ પાછળના જખમ રુઝતા નથી,
હાથ કોના ખબર છે, પણ નહી કહું.
★ આ તરફ એની મુરાદો મુજ ઈરાદો આ તરફ,
બેઉ બોજા ખેંચતા કાવડ બની ગઈ જિંદગી.
★ તમે જેને અશ્રુ સમજી રહ્યા,
તપાસો, પાણીનો અભિનય હશે.
★ વ્યથાઓ જીવનની અદા થઈ ગઈ, અદાઓ તમારી બલા થઈ ગઈ

★ મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગ્યા પૂરાઈ ગઈ

★ બીક એક જ બધાને હતી કે અમે
ક્યાંક પહોંચી ન જઈએ બુલંદી પર,
કોઈએ પિંજરાની વ્યવસ્થા કરી
કોઈએ જાળ પંથે બિછાવી દીધી

★ વિશ્વાસ રાખ એ જ તો દફનાવશે તને,
કોણે કહ્યું કે દોસ્તને તારી કદર નથી.

★ શી મુસીબત, શું દુઃખો, મુશ્કેલીઓ શી, શું સુખો ?
પૃષ્ઠ જીવનના હતાં પલટાવતો ચાલ્યો ગયો.

★ હોય રમણીય રસ્તાઓ જે સ્થળ ઉપર
માર્ગ ત્યાં શોધવાનું વિકટ હોય છે

★ એ જ ડુબાડી ગયા મઝધારમાં,
જેમના વિશ્વાસ પર તરતો હતો.

★ એનો સિતારો એ વિના ચમકી શકે નહીં,
સદ્ભાગીના નસીબમાં અંધકાર હોય છે.

★ જીવન ગણીને જેની અમે માવજત કરી
મૃત્યુનું એ નિદાન હતું કોણ માનશે ?

★ દીવા જેવી છે રૂપની આલમ,
એ જ જ્યોતિ છે, એ જ જ્વાળા છે.

★ તારા શબ પર પોક મુકી ચૂપ થયું,
આ રહ્યું દુનિયાનું સગપણ જોઈ લે.

★ ઉતાવળ એ જ કારણથી નથી કરતો હું દર્શનની,
હકીકતથી વધુ સુંદર હકીકતના વિચારો છે.

★ તું નથી જાણતો ક્યાં જાય છે તું,
આટલી તેજ તારી ચાલ ના કર.



★ એ વિણ કદીએ હર્ષમાં આંખો ભીંજાય ના,
ભાવિ વ્યથાની સુખમાં અસર હોવી જોઈએ.

★ જન્મ પામ્યા કે જીવન પૂરું થયું,
જળની અંદર જેમ પરપોટો થયો.

★ ક્યાં બુલંદી કોઈને કાયમ મળી,
એક તારો એક લિસોટો થયો.

★ આયનામાં કાલ જે જીવતો હતો,
એ જ માણસ આખરે ફોટો થયો.

★ એક સાંજે ઓરડાને પણ થયું, નિરાંતે આંગણામાં બેસીએ.

★ જોખમી દાવો લગાવ્યા કાળના જુગારમાં,
ને હવે જીતેલ બાજી હારવાનું મન થયું.

★ એ તામ્રપત્ર બાહુ ઉપર કયાં લગાડશો ?
જીતો જો યુદ્ધ હાથ ગુમાવાયો હોય છે.

★ ક્યાં હતી એવી ખબર એ કોઈ ચિનગારી હશે ?
લ્યો સમયના હાથથી શું શું બળ્યું પૂછો નહીં.
જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી.
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.

★ જાણ ન્હોતી દુઃખ અને પીપળ ઉભયના સામ્યની,
ભીંત ને છાતી ચીરી શું શું ઉગ્યું પૂછો નહીં.

★ મધદરિયે ડૂબવામાં એ જ તો સંતોષ છે,
આ તમાશો દેખવા માનવનો મહેરામણ નથી.

★ શિરાએ શિરામાં સુરંગો પડી છે,
ગમે ત્યારે ફૂટશે ભડાકાનો માણસ

★ માટે તો અર્થહીન આ ઊભા રહ્યા છીએ,
ત્યજવું નથી, ને કાયમી રોકાણ પણ નથી.

★ લેવો પડ્યો ખુશીના પ્રસંગોનો આશરો,
કંઈ વેદનાઓ એટલી કાતિલ બની ગઈ.

★ સંપૂર્ણ શાંતિ કેવી રીતે સંભવી શકે ?
કર્ફ્યું નખાય એટલું રમખાણ પણ નથી

★ જીવનથી એટલે જ બેપરવા રહું છું હું,
દઉં જો ધ્યાન તો ખાવી પડે મુજને દયા મારી.

★ દોસ્તોએ દુશ્મનોએ ભીંસી નાખ્યો છે મને,
રામે રાખ્યો છે પરંતુ સૌએ ચાખ્યો છે મને.

★ મેળવ્યું એ તો ગયું ક્ષણવારમાં,
પાપનો માથા ઉપર ભારો રહ્યો.

★ અમને હતું કે છીછરાં જીવનના જળ હશે,
ન્હોતી ખબર કે આટલાં તળિયે વમળ હશે.

★ પ્રથમ આંખો તમારી ઠીક લાગી,
તમારા સમ પછી બહુ બીક લાગી.

★ કેવા અજાણ થઈને નિહાળે છે લોક સૌ,
કોઈના દુઃખને જ્યારે સમજવાનું હોય છે.

★ બારીઓ ખોલીને જોવાયું નગર,
બંધ ઘર જેવું જ દેખાયું નગર.

★ કેટલી કરવી પડે છે બાંધ છોડ,
જીવવાનો એ જ ઢાંચો હોય છે.

★ હસવાનો આજ મેં જે અભિનય કર્યો હતો,
આઘાત દુર્દશાનો હતો કોણ માનશે ?

★ ધૂળ ઢેફાનો એક ઢગલો છે,
એ શહેનશાહનું મકાન હતું

★ હૃદય તોડી જમાનાએ બહુ ઉપકાર કીધો છે,
હવે ક્યાં છે ફરક કંઈ પણ જુઓ મુજમાં ફરિશ્તામાં.

★ ચાલ, સંબંધોનું કોઈ કોણમાપક શોધીએ,
કે હૃદયને કેટલા અંશો સુધી છેદાય છે.



★ એના અમૃતમાં ય અમને તો મજા આવી નહીં,
ને જીવનના ઝેર લોકો ગટગટાવી જાય છે.

★ જોઈએ કે અંત આવે છે કે આરંભ થાય છે,
મારે તો છે જિંદગીને આખેઆખી માપવી.

★ જીવનભર જેમણે રાખ્યો છે અંધારામહી મુજને,
કબર પર એ જ આવીને જલાવે છે શમા જેવું.

★ સાવ નાની વાતની કેવી અસર,
આપણી અંદર સતત રમખાણ છે.

★ પડે સહેજ વરસાદનું ઝાપટું,
અને મારું મીઠાનું ઘર ઓગળે.

★ સચવાય તો ખમીસની બાંયો સાચવી રાખ,
આંસુ લૂંછવા અહીં પાલવ નહીં મળે.

★ જે જે વસ્તુના ખાસ અર્થ હતા,
તે બધી આજે વ્યર્થ લાગે છે.

★ ગજબની છે ગણતરીબાજ દુનિયા,
કે વાતે વાતમાં વેઢા ગણે છે.

★ હોય હર્ષાશ્રુ કે શોકાશ્રુ,
સ્રોત એક જ છે સ્રાવ એક જ છે.

★ દુભવવું એ દુનિયાનો ક્રમ થઈ ગયો છે,
તડપવું એ દિલનો નિયમ થઈ ગયો છે.

★ એક એવી દુકાન છું હું જ્યાં,
લોહી તરસ્યા ઘરાક આવે છે.

★ દેખતો જાઉં છું ઉતારાઓ,
ક્યાંય વિશ્રામનું સ્થાન નથી.

★ પ્રાણ ને દેહમાં જુદું શું છે ?
એ જ સાગર ને એજ પરપોટો.

★ ખુલે છે શૂન્ય પોતાની જ દૃષ્ટિનો ભરમ એમાં,
પરિચયકાર બનવામાં બહુ જોખમ રહેલું છે.

★ મેંદીને મનમાં થયું કે રંગ લાવે જિંદગી,
એટલે સંતાપ કેરી ખલમાં પીસાવું પડ્યું.

★ દુશ્મનો તો મર્દ છે જે હોય સામી છાતીએ,
પીઠ પાછળ ઘા કરે તે દોસ્ત હોવા જોઈએ.

★ સમયની વાત શી કરવી સમયના રંગ ન્યારા છે,
મયૂરાસનના વારસદાર પોઢે છે ચટ્ટાઈ પર.

★ દુનિયા છે ધગધગતી ધરતી ક્યાંય નથી ઠરવાનું ઠામ,
અહીં તો ખુદનો પડછાયો પણ આવે ના કોઈને કામ.

★ દુનિયાની મેજબાની પણ કેટલી અજબ છે !
મહેમાનના ઘરે છે મહેમાનનો ઉતારો.

★ મનડું જો થઈ જાએ ઠીક,
તો જ ટળે સૌ ભવની બીક.

★ નૌકાઓના નસીબ કે હમણા છું ગેલમાં,
છંછેડશો કોઈ તો પછી ઝંઝાવાત છું.

★ દુઃખની યાદી જન્મો લાંબી,
બહેતર છે સુખને જ વીસરીએ.

★ એવો ય માર્ગ છે જ્યાં પગરવ નથી થતો,
ધરણી ધ્રુજાવનારને શાયદ ખબર નથી.

★ મન સ્મરણની ભીડમાં અટવાઈ મુંઝાતું હતું
વિસ્મૃતિએ આંગળી ઝાલી તો રસ્તો થયો.

★ મારું હોવું કે ન હોવું દોસ્ત ! સરખું છે બધું,
બાદબાકી હો કે સરવાળો ફરક પડશે નહીં.

★ ભ્રમણ છે રાતદિવસનું વમળ છે સુખ અને દુઃખનું
જીવનના ચક્રની એક જ ગતિ દેખાઈ આવે છે.



★ અંત પળે પણ સ્પષ્ટ થયું ના,
સત્ય ગયું કે સ્વપ્ન હરાયું ?

★ માનવ છું, ઢેર છું માટી તણો,
વાય છે વાયુ ને ખરતો જાઉં છું.

★ જીવનની રાતમાં ઉત્કર્ષના ચમકાર લાગે છે,
મગર હદમાં રહે તો જ એ શણગાર લાગે છે.
વધુ પડતી ચમકની પણ મહત્તા નથી હોતી,
ગગન પણ ખેરવે છે જે સિતારા ભાર લાગે છે.

★ આપણો વસવાટ એમાં છે છતાં,
આમ જુઓ તો પરાયું છે નગર.

★ તમે ના પારખી શકો, અમારા દર્દ એવા છે,
નથી આઘાત પથ્થરનો, પડ્યો છે માર ફૂલોનો.

★ ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી
તેથી બધા કહે છે જમાનો ખરાબ છે

★ મને આ જોઈને હસવું હજારો વાર આવે છે,
પ્રભુ તારા બનાવેલા તને જ્યારે બનાવે છે.

★ કેવળ દવાથી રોગ અમારો નહી મટે,
સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં.

★ દરિયો ભલે માને કે પાણી અપાર છે,
પરંતુ એને ખબર નથી, કે નદીનું ઉધાર છે.

★ એહરન કી ચોરી કરે કરે સુઇ કો દાન
ઊંચા ચઢ કર દેખતે કૈતિક દૂર વિમાન

★ ખોબો ભરીને અમે એટલું હસ્યા,
કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા.

★ હોત દરિયો તો હું તરવાની ય તક પામી શકત,
શું કરું કે ઝાંઝવાઓએ ડુબાવ્યો છે મને.

★ મને જિંદગી અને મરણની ખબર છે,
અહીં કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે.

★ He is the man, who dies before death.

★ દુનિયાના છે રંગ હજાર, કોણ કહે દોરંગી છે ?

★ શરીરે શોભતા આભૂષણોને એ ખબર ક્યાં છે ?
અમે માટીના ઢગલા પર બધો શણગાર કર્યો છે.

★ ના જલાવો સ્નેહનો દીવો સતત,
કોઈ કાળે એ થશે ભડકો હવે.

★ શંકરની જેમ નાગને મફલર કરી શકો,
પણ ઝેર પી જવાનું જીગર ક્યાંથી લાવો ?

★ તપાસીને જોયું તો માલૂમ પડ્યું કે,
બધા રોગોના મૂળ નીકળ્યા દવામાં.

★ कुछ पुराने गम से हम निकले ही थे ।
कुछ नये गम आजमाने आ गये ॥

★ ढुंढने नीकले थे हम तो एक खुशी ।
हाथ में गम के खजाने आ गये ॥

★ गए थे जीतने जो कल बडे बडे सपने ।
वो छोटी छोटी सी खुशियाँ भी हार हाए है ॥

★ हमारे पास भी सुख आए है मगर अक्सर ।
हवा के झोंके पे होकर सवार आए है ॥

★ बिना खिलौनों के बचपन गुजार आए है ।
हम अपने मन को बहुत पहले मार आए है ॥

★ हम को जीत का सुख देती है ।
इसकी उसकी हार की बाते ॥

★ न जाने कितनी सारी बेडियो को ।
पहन लेते हैं हम गहना समझकर ॥



★ चुना हमीं ने निशाना बनना ।
हमें भी आता था तीर होना ॥

★ आखिर गई न पांव तले की जमीन भी ।
किसने कहा था चांद-सितारो से होड़ कर ॥

★ इक कबूतरने तोप से पूछा,
क्यां यहाँ घोसला बना लूँ मैं ?

★ अब जाकर ये ध्यान आया ।
उम्र गई बेध्यानी में ॥

★ दाना बनने निकले थे ।
हम अपनी नादानी में ॥

★ चाहते थे दुनिया में कितना कुछ कमाना हम ।
कोशिशों में खो बैठे चैन का खजाना हम ॥

★ घर के सारे लोगो को ख्वाब दे के निकले थे ।
वापसी का अब अपनी क्या करें बहाना हम ॥

★ इतने दिन हो गए तुझको इस शहर में ।
अब तो हर बात पे चौंकना छोड दे ॥

★ उस को बरबाद करते करते मैं ।
खुद भी खानाखराब होता गया

★ क्या जाने काम ऐसा क्या आ पड़ा है उनको
मिलने लगे हैं हमसे झुककर कई दिनों से

★ ત્રાજવા જેવું નથી ને તો ય બધું તોળશે,
પાપ તારું એ પળે પોકારશે ને બોલશે.

★ लोग तुम्हें मूर्ख समझेंगे इसानों सी बात न करना ।

★ शापमय जीवन कटा है द्वन्द्व में संघर्ष में ।
कुण्डली में स्वयं शनि का ग्रह रहा हूँ आज भी ॥

★ बाढ की संभावनाएँ सामने है ।
और दरिया के किनारे घर बने है ॥

★ आग अपने ही लगा देते है।
गैर तो सिर्फ हवा देते है॥

★ हम को उनसे वफा की है उम्मीद।
जो नहीं जानते वफा क्यां है॥

★ जितनी बँटनी थी बँट चुकी ये जमीं।
अब तो बस असमान बाकी है॥

★ मेरे दिल के किसी कोने में एक मासूम सा बच्चा।
बडो की देखकर दुनिया बड़ा होने से डरता है॥

★ मेरे ये दोस्त मुझ से झूठ भी अब।
मेरे ही सर को छूकर बोलते है॥

★ નસીબ એ જ કે વાગે વસંતમાં કાંટા,
ને પાનખર હો છતાં યે ફૂલોના સેજ મળે.

★ સાવ જૂઠું જગત કોઈ તારું નથી,
મૂક સઘળી મમત કોઈ તારું નથી.

★ કોણ કોનું ? અને એ પણ ક્યાં લગી ?
છે બધું મનઘડત કોઈ તારું નથી.

★ ખબર છે કે મારું કશું પણ નથી,
છતાં છોડવાનું ગજું પણ નથી.

★ કોઈ પણ વાતની ક્યાં કમી હોય છે,
હા અધૂરો ફક્ત આદમી હોય છે.

★ ગાજતા'તા નામના ડંકા કદી,
સાવ સોનાની હતી લંકા કદી.

★ એનું મારણ ક્યાંથી લાવું ?
માણસ ધીમું ઝેર હવે તો.

★ બીજા આપોઆપ તરાશે,
એક જ દરિયો પાર કરી લે.



★ હસ્યા પણ છીએ જો કોઈ કારણે તો
વિના કારણે આંખ તરત જ રડી છે

★ હતો એક સમય જ્યારે જીવનની સાથે
મને પણ હતી સૈફ બહુ સારાસારી,
હવે પારકો એને લાગી રહ્યો છું
મને પણ હવે એની ક્યાં કંઈ પડી છે ?

★ અડધું જીવન વીત્યું છે જગતના પ્રહારમાં,
બાકી છે એ વીતે છે હવે સારવારમાં.

★ એ બધાનાં નામ દઈ મારે નથી થાવું ખરાબ,
સારા સારા માનવીઓએ સતાવ્યો છે મને.

★ તરસથી વધુ જે પીએ આ જનમમાં,
બીજા જન્મમાં એ જ ચાતક બને છે.

★ મેં ગણિત માંડ્યું જીવનમાં શું બચ્યું ?
જિંદગી થોડી વધેલી નીકળી.

★ કેટલી પછડાટ ખાધી બાદમાં,
ચાલવા ગ્યા'તા અમે અદ્ધર જરા.

★ જિંદગીના સ્ટેજ પર એવું બને,
રોલ બાકી હોય ને પડદો પડે.

★ કેટલા તારાઓ ખરતા જાય છે,
એકદમ ઝળહળ થવાની લ્હાયમાં.

★ ना तू मिला ना वो मिला।
कुछ मिला सही, पर मिला-जुला॥

★ Leave before you leave.

★ बुढो के साथ लोग कहा तक वफा करें ?
लेकिन न मोत आये तो बुढे भी क्या करें ?

★ Whether it is a lunar eclipse or solar,
these are all realities of a running world.

★ भीड लगती है जलते हुए घर के आगे,
लोग आते है बहुत मगर आग बुझाने कितने ?

★ ચારે તરફથી નિરાધાર હોય છે,
ત્યારે એ સાચો કલાકાર હોય છે.

★ કોઈ પણ મારી ગતિને આંબી નથી શકતું,
લક્ષ્ય પછવાડે રહી જાય તો કહેવાય નહીં.

## પુરુષાર્થ

★ Luck is what happens when creasation meets opportunity.

★ All things are difficult before they become easy.

★ પાણી અડકતાં ચાર ડગ પાછું ખસી,
તરણું લઈ કાંઠા ઉપર ઊભા તમે.

★ વમળમાં ડુબવાની મારી હિંમત,
જુએ છે આ કિનારો મુગ્ધ થઈને.

★ દરિયો ઉલેચવાને આવ્યા પારેવડા,
ને કાંઠે પૂછે કે પાણી ખારું છે ?

★ મરીઝ એનું જ તો છે નામ હિંમત,
જીવે જે આદમી ખુદની દયા પર.

★ જગત છે શૌર્યનું પ્યાસુ, આજે સદીઓથી,
કાં આકાશને સ્પર્શો, કાં ધરતીને ધ્રુજાવી દો.

★ નથી હારમાં ભાગ્યનો દોષ હોતો,
રહી હોય છે યત્નમાં કૈંક ખામી.

★ જે નાના નાના વાદળોમાં ગુમ થઈ ગયો,
મંઝિલને પામતો જ રહ્યો એ પ્રવાસમાં.

★ ભૂસી શકાય એટલી ફૂરસદ મળી જ ક્યાં ?
રેખાઓ બાકી હાથની બહુ પાતળી હતી.



★ દુઃખ એ છે કે કેમ નાં નાવિક બની શક્યા,
દુઃખ એ નથી કે કેમ આ તોફાન થાય છે !

★ એનાં ચીતરેલાને ભૂંસવું નથી નહિતર,
હમણા પલટી નાખું મારી ભાગ્યરેખાને.

★ બિછાવ્યા કંટકો ઉપકાર તારો,
હવે ઓર જ મજા છે ચાલવાની.

★ મળે છે કષ્ટ લીધા વિણ જગતમાં ઉન્નતિ કોને,
વિહંગો પાંખ વીંઝે છે પ્રથમ નિજ ઉડ્ડયન મારે.

★ ડુબી નહીં શકું ભલે પાણીમાં તાણ છે,
હિંમત છે નાખુદા અને વિશ્વાસ વહાણ છે.

★ પવનના આક્રમણે દીપકો ધ્રુજી ઉઠશે,
મગર જે સૂર્ય હશે એ તો ભય નહીં પામે.

★ લેવો જ પડશે મારે બુલંદીનો રાહ પણ
મારી નજરની સામે દુઃખોનો પહાડ છે.

★ A man should not sleep on silk,
till he has walked on sand.

## મૃત્યુ

★ સંજોગના પાલવમાં છે બધું, દરિયાને ઠપકો ના આપો,
એક તરતો માણસ ડુબે છે, એક લાશ તરીને આવે છે.

★ આ બધા બેફામ જે, આજે રડે મુજ મોત પર,
એ બધાએ જિંદગી, આખી રડાવ્યો છે મને.

★ જીવન અને મરણમાં બહુ જૂજ છે તફાવત,
કોઈ મરે જીવનમાં જીવે કબરમાં કોઈ.

★ જમાનો એને મરણ માને તો ભલે માને,
કદમ વળી ગયાં મારા અસલ મુકામ તરફ.

★ હવે મોત ક્યાંથી વજનદાર લાગે ?
અમે જિંદગીને ઘણી છે ખમેલી.

★ નથી ભય મોતનો કે મોત કેવળ એક વેળા છે,
જીવનની તો ઘણી વેળા દશા બદલાઈ જાય છે.

★ સૈફ કબર પર આ ચોમાસે લીલું ઘાસ છવાયું,
મોડે મોડે પણ તમને થયા કેવા લીલા લહેર !

★ મરણ કે જીવન હો એ બન્ને સ્થિતિમાં
મરીઝ એક લાચારી કાયમ રહી છે,
જનાજો જશે તો જશે કાંધે કાંધે
જીવન પણ ગયું છે સહારે સહારે.

★ છે એમાં મૃત્યુના કંઈક પ્રસંગો,
જીવે છે કોણ આખી જિંદગીને ?

★ કાળ તું શું આવીને લૂંટી ગયો ?
પ્રાણ ? એ તો કેદથી છૂટી ગયો.

★ જિંદગીનો સાર જો પાણી મહી,
એક પરપોટો થયો, ફૂટી ગયો.

★ કોઈના સર્વ સર્જનની પ્રતિષ્ઠા જાળવું છું હું,
મરણની લાજ લૂંટીને નથી થાવું અમર મારે.

★ મૃત્યુ પછી ય લોક ઉડાવે ન ઠોકરે,
વેરાન વનમાં મારી કબર હોવી જોઈએ.

★ કોઈ જાઓ ચિકિત્સકને બોલાવવા,
પ્રાણપંખેરું સેવે છે મુક્તિનો ભય.

★ ડુબનારાઓ ! કિનારે પણ સફરનો અંત છે,
તો પછી એ અંત કાંઠે હોય વા મઝધારમાં.

★ આજે ગળે મળ્યો ને સંતોષ થઈ ગયો,
મૃત્યુ મને તો હાથતાળી આપતું હતું.

★ દુઃખ તો એક જ છે માનવી માટે,
મોત પહેલા એ મરી નથી શકતો.



★ મોતને કહી દો ન મૂકે હોડમાં નિજ આબરુ,
શૂન્ય છે એ કોઈનો માર્યો કદી મરશે નહીં.

★ મૃત્યુ તારે આંગણ આવ્યું,
શૂન્ય તને જન્માભિનંદન.

★ કોઈના કરસ્પર્શથી મુજ પાંપણો ઢળતી હશે,
મોતરૂપે જિંદગીની સાધના ફળતી હશે.

★ શસ્ત્ર ક્યાં કોઈ પ્રાણઘાતક છે ?
હું જ હાથે કરી હણાયો છું.

★ શું લખવું આ મૃત્યુ પાસે ?
અલ્પવિરામ કે પૂર્ણવિરામ ?

★ એક જીવન છે અને લાખો મરણ,
અર્થના કેવા અનર્થો થાય છે !

★ મોત તું શું બહાનું શોધે છે ?
મારું આખું જીવન બહાનું છે.

★ છે એમાં કંઈક મૃત્યુના પ્રસંગો,
જીવે છે કોણ આખી જિંદગીને.

★ સ્નેહીજનો તો રોઈને જીવી જશે બધા,
બેફામ મારું મોત તો મારા સુધી જ છે.

★ મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે જલન ?
જીવનની ઠેસની તો હજી કળ વળી નથી.

★ આમ ન્હોતો શ્વાસ લેવાનો સમય,
પૂતળું જ્યારે બન્યો ફુરસદ થઈ.

★ જીવન અંધારામાં વીત્યું મોત થયું રણમાં બેફામ
કબર ઉપર ફૂલોની ખુશ્બૂ દીવાના અજવાળા છે.

★ મોત સાથેના લગ્ન છે બેફામ,
મારી મૈયત બરાત થઈ ગઈ છે.

★ કુદરતની છે કમાલ ચમનમાં જે ફૂલ છે,
કાંટા મુક્યા છે સાથમાં બસ એ જ ભૂલ છે.
મારા મરણ ઉપર રડે છે આટલા બધા,
બેફામ જિંદગીના બધા દુઃખ વસૂલ છે.

★ હો ખુદાના ઘરનું તેડું ખોટ ત્યાં બેફામ શી ?
કાંઈ પણ લીધા વિના જગથી રવાના થઈ ગયાં.

★ इस जगह बैठकर शोर मत कीजिए
जिंदगी सो रही मौत का साज है ।

★ રડ્યા બેફામ સહુ મારા મરણ પર એ જ કારણથી,
હતો મારો જ એ અવસર ને મારી હાજરી ન હતી.

★ જીવતાં તો કોઈ આવ્યા ના બારણે
લાશ સામેનો ધસારો શા કામનો ?

★ શ્વાસ પાછળ કાળનું વોરંટ છે,
એટલે અટક્યા વગર ભાગ્યા કરે છે.

★ એવું મરણ મરો કે ઝંખે જીવન તમોને,
ડુબો તો અમે ડુબો શોધે સ્વયં કિનારો.

★ કફનમાં પહેર્યા નવા વસ્ત્રો સજાવટમાં હવે,
લાશનો રુવાબ તો જોયો જનાજામાં હવે.

★ જીવનમાં સૌ, પ્રથમ આંખો મીંચીને ભાન ભૂલે છે,
પછી પોતાને હાથે ભૂલ પોતાની કબૂલે છે,
સિકંદરનું એ અંતિમ દશ્ય દર્શાવે છે દુનિયાને
મોત આવે છે ત્યારે માનવીની આંખ ખૂલે છે.

★ બિચારા એ જ તો મારા મરણની રાહ જોતા'તા,
જનાજો કાઢજો બેફામ દુશ્મનની ગલીમાંથી.

★ જિંદગી લટકી પડી'તી એટલે,
મોતે આવી એની ઝાલી આંગળી.



★ તને કોણે કહી દીધું મરણની બાદ મુક્તિ છે,
રહે છે કેદ એની એ ફક્ત દીવાલ બદલે છે.

**પ્રેમ**

★ Love others & you will be loved.

★ કદીક કંઈક તો એમાં કચાશ દેખાશે,
જગતમાં ક્યાંય પણ પૂરેપૂરો પ્રણય ક્યાં છે.

★ એક જ કામ પ્રણયમાં કીધું, લીધું એથી બમણું દીધું.

★ પત્ર આભારનો લખે છે તું, હું હજુ એટલો પરાયો છું ?

★ પ્રેમનો પંથ આમ ટૂંકો છે, એક કદમ તો જરા ભરે કોઈ.

★ પ્રણયનાં નીર પીનારો નહીં મળે કોઈ,
ડૂબી જવાય છે ત્યારે જ પ્યાસ લાગે છે.

★ એ હતો એક મોહ કે રહેશું જીવનભર સાથમાં,
પ્રેમ તો એ છે જે આપણને જુદા કરતો રહ્યો.

★ નવાઈ શું કે તમને પ્રેમમાં ન્હોતી અસર દુઃખની,
મેં દિલ દીધું હતું તમને, દરદ દિલનાં દીધાં ન્હોતા.

★ એને મારા પ્રેમ પર શ્રદ્ધા હશે,
તો જ એ મારાથી બેપરવા હશે.

★ સમજી શક્યો છું એટલું ઓજસ મિલન પછી,
કે વિરહ એ જ પ્રેમનો સૌ સાર હોય છે.

★ પ્રણયમાં જિંદગીને ભોગવી છે ત્યાગવૃત્તિથી,
અમારી ભાવના પણ છે ભરતની ભાવના જેવી.

★ મનોબળને પ્રણય લઈ જાય છે એ ઉચ્ચ કક્ષા પર,
બગીચાની પ્રતીતિ થાય છે જ્યાં અગ્નિશય્યા પર.

★ અમારો પ્રેમ છે કિન્તુ અમારું કૈ નથી એમાં,
મિલન એ પણ તમારું છે, વિરહ એ પણ તમારો છે.

★ હૃદય ખીલી ઉઠ્યું જોઈને એના પ્યારના અશ્રુ,
કળીને ફૂલ થવાનો આ ઝાકળનો ઈશારો છે.

★ એક મારો પ્રેમ જેની કોઈ સરખામણી નથી,
એક એનું રૂપ, રૂપકો જેના હજાર છે.

★ વ્યોમ ઉપર ઘટા હતી રાત હતી ધરા ઉપર,
કરતું હતું નયનથી દિલ વાતો કોઈના પ્યારની.

★ ન તો એ ઝેર માંગે છે કે ના તલવાર માંગે છે,
અમોને મારવા દુનિયા અમારો પ્યાર માંગે છે.

★ પ્રેમને પણ વ્યક્ત કરવાની અનોખી રીત છે,
આંખ વાચા હોય છે ને મૌન ભાષા હોય છે.

★ એની નિર્મળતા બધાને માન્ય છે ઓજસ છતાં,
પ્રેમ માટે નિત્યની અગ્નિ પરીક્ષા હોય છે.

★ દિલમાં ઠંડક દિલાસામાં જલન અશ્રુમાં સ્મિત,
પ્રેમનો ઉત્કર્ષ થાતાં ભાવના બદલાઈ ગઈ.

★ પ્રેમમાં મળશે બેઉ વાત, એક દિલાસો એક આઘાત.

★ માની ગયા કે કોઈ રીતે માનશે નહીં,
સમજાવનાર એ રીતે સમજી ગયા મને.

★ પ્રેમનો સેતુ રચી જો ના શકે,
સર્વ ભાષાઓ વિખેરાઈ જશે.

★ હું ધારું તો ય ભાગ્ય ના બદલાય પ્રેમનું,

★ તું ધારે તો એ વાત રમતમાં કરી શકે.

★ પ્રેમના સંબંધને સીમા નથી,
મોરને છોડીને ટહુકા ક્યાં જશે ?

★ પ્રેમ તો મારું નિખાલસપણું છે,

★ તમે સ્મિત આપો છો એ પણ ઘણું છે.

★ પ્રેમને ઝાકળ ઉપર ન્હાવું હતું,
પાંદડા પર ગીત ટહુકાતું હતું.

★ બીજું હવે શું જોઈએ આ પ્રેમપંથ પર,
માથા ઉપર છે આભ અને દીનદયાળ છે.



★ પ્રેમ શું છે, શું સમજાવું તમને ?
કદી કોઈ વાર તહેવારે રડ્યા છો ?

★ સમજદારીની કોઈ વાત સ્વીકારી નથી શકતો,
કહે છે કોણ પાગલને બંધન નથી હોતા.

★ પૂછો ના પ્રીત મોંઘી છે કે સસ્તી દોસ્તો,
ચૂકવી દીધા છે દામ હવે બસ બોલવું નથી.

★ ઘડીના ભાગમાં ઉથલાવી નાખું ભાગ્યની સત્તા,
પરંતુ પ્રેમ ક્યારે એટલી નવરાશ આપે છે ?

★ પૂછે છો મર્મ પ્રેમનો એ પણ છે એક જુલમ,
શું કામ ખોતરો છો દુઃખી જીવના જખમ.

★ દિલ ઉપર પાંપણોના ઉઝરડા,
એ જ પ્રેમીની અસલી નિશાની.

★ એક બાજીના બે રમનારા એક હારે તો જીતે બીજો,
પ્રેમની બાજી કિન્તુ અનોખી, બેઉ જીતે બેઉ હારે.

★ કેમ ઝુકે ના પ્રેમનું પલ્લું,
દિલને બદલે માથું ધરીએ.

★ હશે બીજી કળા જે પ્રણયમાં પ્રાણ ફૂંકે છે,
ફક્ત શું બંસરીના સૂરથી રીઝે છે રાધાઓ ?

★ જ્યારથી દિલની આપ લે થઈ છે,
એ ન પૂછો કે શી વલે થઈ છે.

★ ભાવ એક જ પ્રણયનાં, ભાગ્ય છે કેવળ જુદા,
કોઈ રાધા થઈ ગઆ તો કોઈ મીરાં થઈ ગયા.

★ એ પછી બસ આંખો મીંચી ચાલવા માંડ્યો હતો,
પ્રેમપંથે મેં ફક્ત પહેલું ચરણ જોયું હતું.

★ છે ફક્ત એકાદ અણધારી જ ઘટનાનો પ્રવેશ,
કિન્તુ મારા આખા જીવનની કથા બદલાઈ ગઈ.

★ એને જ લોક કેતા હશે પ્રેમનો પવન,
એક શ્વાસ દિલમાં આવીને અટકી ગયો હશે.

★ એ શું પ્રેમ કરશે કે હર વાતે જેને,
નિયમ યાદ આવ્યા પ્રથા યાદ આવી.

★ સાન્નિધ્યમાં ન આવશે અંદાજ પ્રેમનો,
અંતર અમુક સિવાય તો પડઘો નહીં પડે.

★ છો રૂપવાળાં તમે રૂપનું જતન કરજો,
કે પ્રેમ કરવો જવા દો તમારું કામ નથી.

**માતા**

★ પરથમ પરણામ મારા માતાજીને કહેજો રે
માન્યું જેણે માટીને રતનજી
ભૂખ્યાં રહી જમાડ્યા અમને જાગી ઉંઘાડ્યા એવા
કાયાનાં કીધલા જતનજી

★ પહેલા આંસુ આવતા ને મા યાદ આવતી,
હવે મા યાદ આવે, ને આંસુ આવે છે.

★ જે રાહ જુએ છે તે માતા છે,
તારું સ્વર્ગ તારી માતાનાં ચરણોની નીચે છે. –હજરત મહમદ પયગંબર

★ હોય ત્યારે ક્યાં કદી સમજાય છે મા ?
ગેરહાજર હોય તો પરખાય છે મા

★ અણધાર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા,
નાભિથી વેણ નીકળે મોઢે આવે મા.

**શાણપણ**

★ Think before you speak, look before you leap.

★ Don't burn bridges, you will be Surprised
how many times you have to cross the same river.



★ Don't Forget that a person's greatest emotional need is to Feel appreciated.

★ Don't ask a barber whether you need a hairtut or not.

★ Consider every mistake you make as an asset.

★ A wise man turns chance into good fortune.

★ Actions Speak louder than words.

★ Admonish your friends in private, praise them in public.

★ Aim for service, not success, & Success will follow.

★ A man who has committed a mistake & doesn't correct it is committing another mistake.

★ Pay less attention to what men say, just watch what they do.

★ Ask yourself what you would & would not do, if you were to learn today you have only six months to live.

★ પ્રીતનો ટૂંકો પરિચય આટલો,
શ્વાસે શ્વાસે એક સણકો જોઈએ.

**જીવનકળા**

★ Don't be afraid to say I don't know, I made a mistake, I need help, I'm sorry.

★ Don't expect others to listen to your advice & ignore your example.

★ ફક્ત ધર્મશાળા છે આ તો કૈંક પેઢીઓ જુની,
કૈંક ગયા પોતાની માની કદી થઈ ના સૂની.
એક ઈંટ પણ નથી લઈ ગયું કોઈ અહીં સંગાથે,
ગારાનું છે મુક બધી માયા આ ઘરની સાથે.

## આત્માનુભૂતિ

★ વરસો સુધી દર્પણ મને ઓળખી ના શક્યું.
હું જાતને મારી સતત એવું છળી ગયો.

★ રહું ભલે સંસાર મહીં,
પણ મારામાં સંસાર નહીં.

★ ખળખળતી નદીઓના વર્ણન, વખત મળ્યા તો સાંભળી લીધા,
અમૃત જેવા પાણીની ચર્ચાઓથી, કૈંક દાઢ સળવળી.
પ્રાણ તરફડે જળને માટે, એ વ્યાકુળતા ક્યાં જાગી છે ?
તરસ ખરેખર ક્યાં લાગી છે ?

★ જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,
ને એ જ હોય પગની તળે, એમ પણ બને.

★ બહુ છેટે જવા ધાર્યું' તું મેં,
પરંતુ રાહમાં મંઝિલ નડી છે.

★ પૂછો નહી એ કોઈ ક્યાં છે વતન અમારું ?
આખી ધરા અમારી, આખું ગગન અમારું.

★ આ વાતનો ઉકેલ જડે તો જણાવજે,
પ્રયાગમાં નિવાસ ને સહરાની પ્યાસ હોય.

★ આયનો પહેલાં હૃદયનો સાફ કર,
એ મહીં દેખાય તે પરવરદિગાર.

★ ચક્ષુ:પ્રત્યાવૃતતા-મીરાં ઉલટ ભઈ નૈનન કી-પહેલા દુનિયાને જોતી'તી, હવે પ્રભુને.

★ **કબીર**-પાની બીચ મીન પિયાસી,
મોહિ સુન સુન આવત હાંસી.

★ अध्यात्मोपनिषत्–दृष्टुर्दृगात्मता मुक्ति–र्दृश्यैकात्म्यं भवभ्रमः ।

★ अष्टावक्र–अयमेव हि ते बन्धो दृष्टारं पश्यसीतरम् ।

★ સુખ દુ:ખ બંને વાદળ જેવા નહીં આભને લેવા દેવા,
જીવ સદા ખોટું ભરમાયો, ઘડી બે ઘડી તડકો-છાયો.



આ પળ પણ વીતી જાવાની, કોઈ ચીજ ક્યાં છે ટકવાની ?
ભેદ કદી ના આ સમજાયો ઘડી બે ઘડી તડકો છાયો.

★ ખુદા મારી સમીપ રહ છે,
મારાથી એ દૂર ક્યાં છે ?
કિંતુ હું જોઈ શકું એને
એટલું આંખોમાં નૂર ક્યાં છે ?

★ खंजर की क्या मजाल की इक जख्म कर सके
तेरा ही है खयाल कि घायल हुआ है तूं

★ नींद निशानी मौत की, जाग सके तो जाग ।

★ સહેજ સમજણમાં તમારી ભૂલ છે,
કંટકો શોધીને મળ્યું ફૂલ છે.

★ તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું બધું જ હોય તો છોડી બતાવ તું.

★ છીછરા નીરમાં હોય શું નાવું ? તરવા તો મઝધારે જાવું.

★ જેને હું આમ-તેમ ફરી ખોળતો હતો,
દિલમાં જ બેઠો એ મને ઢંઢોળતો હતો.

★ જે માનવીથી દૂર જગતમાં બધા હશે,
એની નજીક આપણા સહુનો ખુદા હશે.

★ સબ હી શાહુકાર હૈ, સબ કી ગાંઠી લાલ,
ગાંઠ ખોલ દેખે નહીં, તાસોં ફિરે કંગાલ.

★ हम वहाँ है जहां से हम को भी, हमारी कुछ खबर नहीं आती ।

★ बेखुदी छा जाये ऐसी दिल से मिट जाय खुदी,
उसे मिलने का तरीका अपने खो जाने में है ।

★ आप ही गोया मुसाफिर, आप ही मंझिल हूँ मैं ।

★ अपने मन में डूब कर पा जा सुरागे जिंदगी (જીવનરહસ્ય),
तूं अगर मेरा नहीं बनता, न बन, अपना तो बन ।

★ મન વચાળે એક મોતી કોણ મરજીવા બને ?
આપણું તો સ્વપ્ન કેવળ ઝાંઝવાનું હોય છે.

★ The hardest victory
is the victory over one's self.

★ મરેલા શબ્દોની ધૂલ તને ચોંટી રહી છે,
તારા આત્માને મૌન વડે ધોઈ નાંખ

★ વંદું છું નિજ આતમા બાકી સઘળું ફોક,
છૂટી જાય આ દેહ તો નહીં હરખ કે શોક.

★ ज्यां अनुभूतिनो सूसवाटो थयो,
त्यां ज आ पत्तानो महेल उडी गयो.

★ Nothing in the world can take the place of persistance.

★ Commit yourself to continuous self improvement.

★ Do not wish to be anything but what you are, & try to be that perfectly.

★ કાંઠેથી તમાશો જોનારને તો એક ભારે આફત થઈ ગઈ છે.
નૌકા તો અમારી મધદરિયે ડુબીને સલામત થઈ ગઈ છે.

★ We cannot hold a torch to light anothers path,
without brightening our own.

★ The less I have, the more I can.
જેમ મારી મત્તા ઓછી, તેમ મારી સત્તા વધુ

★ Extrem fear means extrem absence

★ **યુરોપ** Two is company, Three is crowed,
**ભારત**- one is company two is crowed.

★ **ભગવદ્ગીતા** -स्वभावोऽध्यात्ममुच्यते ।

★ **ज्ञानसार** - चारित्रमात्मचरणात् ।
શ્રીપાલરાસ - આગમ નોઆગમ તણો ભાવ તે જાણો સાચો રે,
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચો રે.



★ **સવાસો ગાથા સ્તવન** - આતમરામ અનુભવ ભજો તજો પરતણી માયા
એ છે સાર જિનવચનનો વળી એ શિવ છાયા

★ **યોગશાસ્ત્ર**- भावितपरमानन्दः क्वचिदपि न मनो नियोजयति -
ભીતરથી જેને પરમ આનંદ મળવા લાગ્યો,
એ મનને બહાર ક્યાં જોડશે ?

★ ઉદાસીનતા સુરલતા સમતા રસ ફળ ચાખ ।
પરપેખન મેં મત પરે, નિજ ગુણ નિજ મેં રાખ ॥

★ ઉદાસીનતા જ્ઞાન ફલ પરપ્રવૃત્તિ હૈ મોહ ।
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક પ્રોહ ॥

★ ઉદાસીનતા પરિનયન જ્ઞાનધ્યાન રંગરોલ ।
અષ્ટ અંગ મુનિયોગ કું એહી અમૃત નીચોલ ॥ સમતાશતક ॥૫॥

★ ઉદાસીનતા મગન હુઈ અધ્યાતમ રસ કૂપ
દેખે નહિ કછુ ઔર જબ તબ દેખે નિજ રૂપ ॥૮૨॥

★ મારી જ ઓળખાણ મને પૂછશો નહીં,
તમને ખબર નથી તો મને પણ ખબર નથી.

★ આપણે પહોચ્યાના વાવડ હોય છે,
આપણે ક્યારેય પણ નીકળ્યા નથી.

★ ખરેખર એ જ પંખીથી નથી છૂટતો કદી માળો,
જેની પાંખમાં આકાશનો અહેસાસ ઓછો છે.

★ ઘણી મહેનત પછી અહીંયા થયું ઉપલબ્ધ અમને,
કે નજર આકાશમાં રાખીને ધરતી પર સૂવાનું છે.

★ કશુંક રિક્ત હજી રોમેરોમમાં જાગે,
હજી ય તૂટતાં મારામાં અવનવા પાત્રો
મુસાફર થવાનું પ્રલોભન થશે,
આ રસ્તાઓ એવા ચમકદાર છે.

★ ખૂબ ચાલ્યા બાદ દેખાયું મને,
હું ઊભો છું ને આ ચાલે છે સડક

★ બધી બારીઓ થાય છે બંધ ત્યારે,
ઉઠે છે ને ઘરમાં ફરે છે અગાશી.

★ એથી વિશેષ ખોટ કશી હોય તો કહો,
અંદર હતા છતાં અમે ઘરમાં હતા જ ક્યાં ?

★ હવે ક્યાંક ખુલ્લામાં રહેવાને ચાલો,
અહીં ચોતરફ છે નીકળતી દીવાલો

★ સૂરજ તો મારી આંખ મહી કેદ થઈ ગયો,
તો રાહ કોણ જોઈ રહ્યું છે સવારની ?

★ હું મને મળવા મથું પણ ના મળું,
એટલો વરસાદ વચ્ચે છે સતત.

★ આખા જગતના માર્ગ જ્યાં પૂરા થતા હતા
મારા જ ઘરના દ્વાર હતા, કોણ માનશે ?

★ મારા જીવનમાં આપ જો આવો તો કહી શકું,
ખીલી રહ્યો છે ચંદ્રમા કેવો અમાસમાં !

★ ત્યાં એક વાતાવરણ સર્જ્યું હતું માનવની બુદ્ધિએ,
હતી ભ્રમણા ફક્ત, અવકાશમાંની એ સફર ન્હોતી.

★ ફકત ચોતરફ છે મમીઓ બહેરા,
હવે તોડી નાખો પિરામિડના ઘેરા.

★ ફરજના નામે રખડાવી દીધા છે એમ દુનિયાએ,
અમારા ઘરમાં જાવાની ય જાણે કે મના થઈ ગઈ.

★ તારું હોવું નાદાર કરી,
શું પામ્યો શણગાર કરી

★ પહેરીને મસ્ત રહે તું,
એવું પહેરણ પહેર હવે તો.



★ ઝાકઝમાળો શું કરશો ?
ભીતર તો અંધારું છે.

★ खुद से दुनिया को कुछ घटा लूँ मैं ।
अपने होने को कुछ बढा लूँ मैं ॥

★ जिसकी आपने आप से पट गई,
उस से सारी दुनिया कट गई ।

★ મારું જ્યાં આકાશ પોતાનું નથી,
મારો સિતારો ચમકાવી શું કરું ?

★ મૌન : આત્મસંવાદ

★ यो वै भूमा तत् सुखम्, नाल्पे सुखमस्ति ।
સુખ વિરાટમાં છે, વામણામાં નહીં.

★ કસ્તૂરી મૃગ થઈ ફાંફા મારે, ભટકે તૃષ્ણા દ્વારે,
ભીતર છે આનંદ છુપાયો, ભવરણમાં રઝળે
મન, તું ઉદાસ થયે શું વળે ?

★ મસ્તક જો ઉંચકું તો ગગન નીચું ઉતરે,
ઉન્નત જમીન થાય છે મારા નમનની સાથ.

★ દર્પણને ગંદુ જોઈને, હું તેને સાફ કરવા ગયો,
ત્યાં દર્પણ બોલ્યું,
તારો ચહેરો સાફ કર હું તો સ્વચ્છ જ છું.
ચશ્માના કાચમાંથી બધું ધૂંધળું દેખાતું હતું,
હું કાચ સાફ કરવા ગયો, ત્યાં ચશ્મા બોલ્યા
અમે તો સ્વચ્છ જ છીએ, તારી દૃષ્ટિ નિર્મળ કર.
મંદિરની દીવાલ પર મેં મારું નામ કોતરાવ્યું
દીવાલો બોલી ઉઠી, અમે તો અહીં જ રહેશું,
તારી સફરની ચિંતા કર.

★ પરદાનું શું ગજું કે છુપાવી શકે તને,
એ કામ તો કરે છે નજરનું જ આવરણ.

★ એ સત્ય છે કે હું જ મને શોધતો ફરું,
ક્યારેક મારી જાત મને ઓળખી શકે.

★ તારી સમજની એ છે પરાકાષ્ઠા ઓ દોસ્ત !
તું મસ્ત થઈ ગયો છે તને એનું ભાન છે.

★ જીવ છું એકાંતના ટાપુ તણો,
વસ્તીઓની ભીડમાં કરમાઉં છું.

★ તું રોમરોમમાં છે ગતિમાં છે શ્વાસમાં,
જન્માન્તરોથી તો ય છું તારી તલાશમાં.

★ ફૂલ ને ફોરમ અલગ રહેતા નથી,
હું મને કેવી રીતે સમજાઉં છું ?

★ મારા લગતી કોઈએ બાબત એમાં તો મેં જોઈ નહીં,
જીવું છું પણ લાગે છે કે બીજાનો જન્મારો છે.

★ એકે ય ડગ ભરી ન શકાયું જીવન સુધી,
મારે તો વાત સર્વ તણી માનવી હતી.

★ ન પૂછો મારી બરબાદી ન પૂછો,
લગાવી છે મેં પોતે આગ ઘરમાં.

★ દેખાતો નથી કેમ હું દર્પણમાં મને પણ,
ચાહું છું પ્રતિબિંબ મને મારું મળી જાય.

★ સાવ જાણીતા નગરમાં પણ બધા ભૂલા પડે,
ખુદને મળવાના બધા રસ્તાઓ ફંફોળ્યા કરે.

★ હું જ હું છું એ કંઈ ઓછું નથી,
તું જ તું છે એ કંઈ ખોટું નથી.

★ સાચે જ નાહી નાખ્યું છે મેં એના નામનું,
મારું નથી જે સ્વર્ગ તે મારે શું કામનું ?

★ એનું વર્ણન શક્યતાઓમાં નથી,
શબ્દમાં તો માપની શક્તિ હતી.



★ સાંજના ઘરે પાછો આવું છું, દ્વાર મારું જ ખટખટાવું છું,
બીજું તો શું બહારથી લાવું, ઉંચકી હું મને જ લાવું છું.

★ સેંકડો શબ્દોની ગંગા વહે,
મૌનનો જ્યારે હિમાલય ઓગળે.

★ મને સંસાર સારો શૂન્ય ભાસે છે તમારા સમ,
નવાઈ છે તમોને શૂન્યમાં સંસાર લાગે છે.

★ શબ્દના કૂવાઓ ખોદાતા રહ્યા,
અર્થની હંમેશ ચિતાઓ બળી.

★ હરખે અયોધ્યા કેમ નહી ફાટ ફાટ ?
વનવાસ બાદ રામનો રાજ્યાભિષેક છે.

★ હું જ મારા ભારથી થાકી ગયો,
હું હતો એ હું જ ખોટો નીકળ્યો.

★ નાશ છે એક ભૂમિકા અમરત્વની,
બુદ્‌બુદો ફૂટીને સાગર થાય છે.

★ આ પાર હું હસું, અને તે પાર બિંબ પણ,
દર્પણ નિહાળતું ઉભયને નિર્વિકારથી.

★ મને એ નાખુદા પર છે ખુદા કરતાં વધુ શ્રદ્ધા,
કિનારો જોઈ જે પાછો વળી જાએ સમંદરમાં.

★ બધા દર્પણોને મે ખોદ્યા છતાં,
હજી તું ને તું હું જડે છે જ ક્યાં ?

★ તમે સિધાવો ને દર્દને પ્રવેશ મળે,
તમે પધારો અને સારવાર થઈ જાએ.

★ હું લાશ છું ને લાશથી શું પામશે તો પણ,
સ્મશાન એક સામટું સૂંઘ્યા કરે મને.

★ દોરે છે દિલ તો દોડતી આવે છે મંઝિલો,
બુદ્ધિ ! હું તારા અવળા ઈશારાને શું કરું.

★ પંખીઓ તો બસ નિરંતર ઉડતાં,
ને હવાનું અંગ છોલાયા કરે.

★ હું અટકું તો કદમ સાથે જ અટકી જાય છે રસ્તો,
અને જો દોડતો રહું તો સતત લંબાય છે રસ્તો.

★ આંગળી બોળી હલાવી પણ વમળ ક્યાં છે ?
શું હજી યે પાણીને ઓગાળવું પડશે ?

★ ગહનતાનો તાગ લેવો છે તારે,
તો પકડીને બેઠો છે શાનો કિનારો ?

★ જાગરણના છાંયડે જંપી ગયા હતા,
ઊંઘે મચાવ્યો શોર તો જાગી ગયા અમે.

★ સત્યો સુધી તો કેમ પહોંચાશે અમારાથી,
અફવા સુધી તો પહોંચતા થાકી ગયા અમે.

★ દેખાવથી આગળ વધીને પહોંચીએ હોવા સુધી,
ચળકાટની સરહદ સદાયે હોય છે રોવા સુધી.

★ જેમ વને વન મૃગલું ભટકે કસ્તૂરીની ખોજ મહીં,
એમ હું દ્વારે દ્વારે જઈને મારી મંઝિલ શોધું છું.

★ એકાદ રત્નજડિત છતને પામવાની ધૂનમાં,
તૈયાર પણ હું થઈ ગયો આકાશને ખોવા સુધી.

★ અફસોસ કે જે અણમોલ હીરો હતો મારો,
એ કાચ-કણિકાઓમાં ખોવાઈ ગયો છે.

★ તું તને પામી ગયો એ ભ્રમ છે તારો,
દાખલો ગણવા મહીં કૈં ભૂલ લાગે છે.

★ ઊંઘનું બીજું નામ છે જડતા,
જે સઘળું જાગ્યું તે ચેતન.

★ ભીતર સુધી પ્હોંચી જવાનો માર્ગ છે કઠણ,
જાતે ચણેલી ભીંત ત્યાં અસંખ્ય હોય છે.



★ જેણે જોયું નજીકથી જીવન,
મોત એનાથી દૂર ભાગે છે.

★ હજારો માઈલો ચાલ્યા પછી એ જાણ થઈ,
અમે ઊભા હતા ત્યાં જ પૂગવાનું થયું.

★ અન્યને દેનારા ખુદના ઘરથી બેપરવા રહ્યા,
વાદળા આકાશ પર ક્યારે વરસતા જાય છે ?

★ હવે તો પંડનું પણ ક્યાં ભાન જેવું ય છે,
અમારા ઘર વિષે તેથી જ પૂછવાનું થયું.

★ કદાચ એથી જ મારામાંથી હું નીકળી નથી શકતો ?
બીડાયેલાં હશે કંઈ કેટલાંયે દ્વાર મારામાં.

★ આકાશવત્ થાવું હોય તો સ્થિર થા સૂરજ,
ફોગટ સમય કાં વેડફે તું આવજાવમાં ?

★ ચાલું છું એમ થાઉં છું, મંઝિલથી દૂર હું,
ઉલ્ટી દિશામાં મારી સફર હોવી જોઈએ.

★ તમારી દોટ વર્ષોથી કશું બનવાની પાછળ છે
ખરેખર તો બહુ મોંઘુ પોતાનું હોવાનું છે.

★ લ્યો દુનિયાના રસ્તાઓ સદા માટે સલામ,
જેને મારું ઘર કહું છું એ જગા આવી ગઈ.

★ ઘરથી નીકળીને ચાલવા માંડો છો ત્યારે તો,
ખબર સુદ્ધા નથી કે સ્મશાને રોકવાનું છે.

★ ઘણો આભાર મારે કાજ રસ્તા બંધ કરનારા,
બહુ આરામથી મેં જિંદગી ઘરમાં ગુજારી છે.

★ આપણે મડદાં છતાંયે બીક મરવાની રહે,
ચીતરેલા પાંદડાને જેમ ખરવાની રહે.

★ ફક્ત જીતવી નથી મારે તો રચવી છે નવી દુનિયા,
કવિ મુફલિસ છું એક કદમ આગળ સિંકદરથી.

★ કાળ તારી પણ ગજબની હોય છે લીલા અકળ,
જર્જરિત પાણી થયું છે અડીખમ વાવ છે.

★ પછી ના સુદ હશે કે વદ, હશે શુદ્ધ અસ્તિત્વ,
ઉછીનું કાઢ અજવાળું અને અંધાર કાઢ.

★ પલાંઠી વળે તો મળે પદ પરમ પણ,
કરું શું ? આ અંદર થતી આવ-જાનું.

★ આ શરીર ક્યારેક પિંજર, તો ક્યારેક પાંખ.

★ પૂરો થયો છે વાદળોનો નાચ, આકાશ ચોખ્ખું કાચ.

★ હવે સંસારમાંથી કાંઈ મેળવવું નથી મારે,
હવે શોધી રહ્યો છું હું બધો યે સાર મારામાં.

★ સ્થાન પોતાનું જે છોડી દે ગુમાવે આબરુ,
મોતી દરિયામાંથી બહાર આવે તો શું વેંચાય ના ?

★ અરીસામાં નીરખવાની મને ફુરસદ હજી ક્યાં છે ?
કરું છું હું હજી તો ખુદ મને સાકાર મારામાં.

★ અહમ્‌થી ઓગળીને અલ્પતાને છૂટવા તો દો,
અમે બિંદુ બની જઈને ય આખા સાગરે રહીશું.

★ છે ખિન્ન સૂત્રધાર ને આંગળીઓ છિન્ન છે,
પૂતળીનો થનગનાટ હવે કેટલો વખત ?

★ જેની કને હું માગવા માટે ગયો હતો,
એ તો મને જ ખુદને લૂંટીને જતા રહ્યા.

★ ના કોઈ બારું ના કોઈ બંદર ચેત મછંદર !
આપ તરવો આપ સમંદર, ચેત મછંદર !

★ જે મને વાગ્યા ચરણમાં રહી ગયા એ પથ્થરો,
જેમને મેં હાથમાં લીધાં એ હીરા થઈ ગયા.

★ જે બારણે ઊભો હતો અજનબી સમો,
મારું જ એ મકાન હતું કોણ માનશે ?



★ જે ખરું મળવાનું ઠેકાણું છે એ તો હું જ છું,
બહાર નીકળી જાઉં છું હું તો મારા ઘરમાં કંઈ નથી.

★ ડુબી ગયો તો સઘળા કિનારા મળી ગયા,
મારામાં એનું ધ્યાન હતું કોણ માનશે ?

★ ઉઘાડા દ્વાર રાખ્યાં તો જરા પણ આંચ ના આવી,
કર્યો દરવાન પર વિશ્વાસ ત્યારે ખાસ લૂંટાયા.

★ જ્યાં અનુભૂતિનો સુસવાટો થયો,
ત્યાં જ આ પત્તાનો મહેલ ઉડી ગયો.

★ એને મઝધાર શું કિનારો શું ?
પાણી વચ્ચે જે તરફડી જાણે.

★ તું પ્રથમ તારો જ માહિતગાર થઈ જા, એ પછી,
બાઈબલ, કુરઆન, ઉપનિષદ્ ખબર પડશે તને.

★ રાહ ખુદ દોડ્યા કરે છે,
રાહમાં બેસી રહ્યો છું.

★ વિશ્વના કોઈ બજારોમાં ન મળશે તુજને,
શોધ ના બ્હાર, એ મોતી તને અંદર મળશે.

★ હોવા વિષે તો આમ બધા એકમત થશે,
હોવાની વાત કોઈ પણ સમજી નથી શક્યું.

★ કેમ વ્યાકુળ તું બની દોડે છે ટીપાં પાછળ ?
પ્યાસને ખૂબ વધારી દે સમંદર મળશે.

**પ્રભુ**

★ દિલ રાખો દેરાસર જેવું,
કોઈ આવશે મહાવીર બનીને.

★ એવી રીતે લાગી ગઈ છે આંખ તારા પર,
પડી શકતી નથી દૃષ્ટિ હવે ક્યારેય મારા પર.

★ આમ તો પથ્થર છું પણ ડુબ્યો નહીં,
મારી પીઠે એવું કોનું નામ છે ?

★ એક ઉઘડેલા ઘરને ન જોયું મેં એટલે,
દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારને.

★ ભૂલી શકાય કેમ તમારું મુખારવિંદ ?
મમ હૃદયમાં તમે શિલાલેખ છો.

★ કંઈ એવું કર ખુદા કે તને થોડો જશ મળે,
હું પણ કહું બધાને પરવરદિગાર છે.

★ લખ ચોરાશી ફેરા ફરિયા આ અવતાર ત્યારે છે મળિયા,
પ્રભુની પકડી લો આંગળી ફરી આ તક મળી, ના મળી.

★ સાગર તરંગ થઈને સાગર મહીં મળી જા,
શાને કરે તરંગો સાગર તરી જવાના ?

★ એક પંખીની એ શી રે મજાલ ?
પંથ કાપે અનંતનો વિશાળ.

★ બધું ય એને આધીન છે છતાં કહેવું પડ્યું ઓજસ,
છે મારી હાર મારાથી ને મારી જીત એનાથી.

★ સૂરજને જે પ્રકાશ તણું દાન દૈ શકે,
એવી તમારી પાંપણોમાં રોશની હતી.

★ ઉત્સવોની રાહ હું જોતો નથી,
તું મળે છે એટલે તહેવાર છે.

★ જેમણે મીરાં તમારું પોસ્ટમોર્ટમ જ્યાં કર્યું,
એમણે જોયું તમારા લોહીમાં ગોકુળ હતું.

★ દશે દિશામાં મને તો પ્રભુ નજર આવે,
તને હું એક દિશાનો જવાબ શું આપું ?

★ હથેળી જોઈ રાધાની કહ્યું તું કોક જોષીએ,
ભલે તું હોય ગોરી, શ્યામ છે તારી હથેળીમાં.

★ અમે ઓજસ એનાં થઈને સૌ જંજાળથી છૂટ્યા,
જીવનનું પણ પત્યું ને મોતનું યે પાર મુકાયું.



★ સમજણનો સંબંધ એ જ ખરો સેતુ,
બાકીના બધા તો રાહુ અને કેતુ.

★ અપાર કેમ ખુદાની દયા હશે બેફામ,
શું માનવીના ગુનાહમાં કસર રહેલી છે ?

★ એ ફૂંક એ હોઠ કૃષ્ણના ક્યાંથી લાવશું ?
મેળા મહીં, બહુ બહુ તો વાંસળી મળે.

★ હો રખોપું રામનું તો વીજળી પણ શું કરે ?
વૃક્ષ ભડથું થઈ ગયું, માળો હજી આબાદ છે.

★ તમારા પગ મહીં જ્યારે પડ્યો છું,
હું સમજ્યો એમ આકાશે ચડ્યો છું.

★ કંગાળ છું કૃપા ન કર, પાપ કરું ક્ષમા ન કર,
દૂર રહી દયા ન કર, સાથ રહી સતાવ તું.

★ નથી કરતો તને જો યાદ ભૂલે છે બધાં મુજને,
ને હું ભૂલું છું સૌને જ્યારે તારી યાદ આવે છે.

★ હર ઘડી એ જ કામ લાગે છે,
ખૂબ વહાલું એ નામ લાગે છે.

★ અંતર પતિત છે, ભલે તારી દયા થતા,
આજ નહી તો કાલ એ પાવન બની જશે.

★ તું નથી પાષાણ ઓ મન કર જરા ઊંડુ મનન,
રામને નામે થવું ગરકાવ, કે તરવું ભલું ?

★ મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યાં તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોના વરસ લાગે.

★ દયાળુ ! આપ દયાનો મને હિસાબ પ્રથમ,
નહી તો પાપનો મારી કને હિસાબ નથી.

★ તે બધા મેળા મહીં ભૂલા પડ્યા,
જેમણે છોડી તમારી આંગળી.

★ ઠુકરાવશો જો આપ દુનિયાની વાત શી ?
મારી નજરમાં મારી ય ઈજ્જત નહીં રહે.

★ તમારી જ તસવીર એમાં ઊઠી,
અમસ્તી જે રેખાઓ દોરાઈ ગઈ.

★ બુદ્ધિનો લાભ એમ ઉઠાવી લીધો અમે,
સમજી વિચારી એના દિવાના બની ગયા.

★ સાચી લગન હશે જો તને શોધવામાં તો,
તારી ગલીના રસ્તા હજારો મળી જશે.

★ વ્યવસ્થા એમને માટે ભલા શી હોય કરવાની ?
હતા મહેમાન એવા કે ઉતારા દોડતા આવ્યા.

★ દુનિયામાં એટલે અમે ભૂલા પડ્યા નહીં,
તારી ગલી સિવાય બીજે આથડ્યા નહીં.

★ શોધ તારી આખરે પડતી મૂકી,
જ્યારે જાણ્યું, હું જ ખોવાયો હતો.

★ તમોને નીરખતો રહું છું છતાં તૃપ્તિ નથી થાતી,
અરે આ દેહનો કણ કણ નયન થઈ જાય તો કેવું ?

★ તુજ દિલ નહી તો તારી કૃપા મેળવી લઈશ,
ખુશ્બૂ કદી ક્યાં ફૂલની જાગીર હોય છે ?

★ એની કોર આની કોર કોની કોર ?
ક્યાં છે તું ? તું જ હાથ ઝાલી દોર.

★ ચાલે જે ખુશ્બોની વાટે,
પહોંચે સીધો ફૂલને ઘેર.

★ જાણ થઈ રઝળુને છેવટ એટલી,
એના ઘર ફરતે જ છે તારી ગલી.

★ ખોટ તારે ત્યાં ખુદા શી છે ? મને આબાદ કર,
છે ધરા પર ઝાંઝવા તો આભથી વરસાદ કર.



★ બેફામ જીવતા જ જરૂર હતી મને,
શો અર્થ છે મરણની પછી જો ખુદા મળે.

★ એ શું કે સૌએ વાતમાં હું ચૂપ રહ્યા કરું ?
જેનો જવાબ હોય તું એવા સવાલ દે.

★ એની ફરિયાદ તો અત્યાર સુધી બહુ કીધી,
દિલ હવે એની વકીલાત કરી લેવા દે.

★ વાત પોતાની જ કહેતાં હોય છે એને બધા,
કોઈ સાંભળતું નથી અહીંયા કદી ઈશ્વરની વાત.

★ પાને પાને પાંખડીઓ છે,
છે આખો ઈતિહાસ સુગંધી.

★ મહામૌન પોતે પરમ શબ્દસૃષ્ટિ,
નીરવમાં તને સાંભળું છું નિરાંતે.

★ કેમ કે તું નથી તારી મિલકત,
દોસ્ત તારામાં ગોલમાલ ન કર.

★ દુનિયામાં કંઈકનો હું કરજદાર છું મરીઝ,
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

★ એ પછી જોજે ખુદા કેવો બચાવે છે તને,
એના પરનો તું જરા તારો ભરોસો તો બતાવ.

★ હું મુક્તિ કેરો ચાહક છું મને બંધન નથી ગમતા,
કમળ બીડાય તે પહેલાં ભ્રમરને ઉડ્ડયન દેજે.

★ તરણાથી તરી જાનાર કદી તરણાઓ સહારા હોય નહીં,
એ એની કૃપા છે નહીં તો કદી મઝધારે કિનારા હોય નહીં.

★ જોતો હતો કે ખાશે ભલા માન ક્યાં સુધી ?
કાબુમાં નિજના રાખશે અરમાન ક્યાં સુધી ?
અંતે અમારી પાસે એને આવવું પડ્યું,
ભક્તોથી દૂર રહી શકે ભગવાન ક્યાં સુધી.

★ ખોબો તારો ક્યાં હજી મંડાય છે ?
એ તો રેડે છે સદા ભીનો કળશ.

★ We fall in love, rise in devotion

★ प्यार ही प्यार को पा प्यार ही प्यार लुटा,
किस तरह बनता है भगवान तुम्हे क्या मालूम ।

★ मुझे मालूम है उनकी दुआए साथ चलती है,
सफर की मुश्किलो को हाथ मलते मैंने देखा है ।

★ છોડીને દોડધામ અમે ન્યાલ થઈ ગયા,
શોધીને એક મુકામ અમે ન્યાલ થઈ ગયા.

★ faith is nothing more then the
conscious choice of the God within.

★ God is as present as the air.

★ શબ્દ ઓછા ભાવ વધુ-પ્રાર્થના,
શબ્દ ઘણા ભાવ ઓછા-યાચના.

★ If you say that God is good, blessed
wise or any such thing, the starting
point is this - God is.

★ મીરાં-રાણો રુઠશે તો રાજ તજાવશે,
પ્રભુ રુઠશે તો ક્યાં જાશું ?

★ ઈશ્વરની પરીક્ષા બસ એ રીતે કરી શકો.
થોડી શી જો હોય શ્રદ્ધા, પત્થર બની તરી શકો.

★ He is closer to me than myself.

★ **દેવચંદ્રજી** - એક વાર પ્રભુ વંદના રે આગમ રીતે થાય.
ટબો વિસ્મય, ગુણબહુમાન, ભગવદ્વિરહભીતિ - ત્રણ હોય તો
શાસ્ત્રોક્ત વંદના થાય.
विस्मयो योगभूमिका ।



★ ઐસા હિ રંગ દે કિ રંગના હી છૂટે
ધોબિયાં ધૂએ સારી ઉમરિયાં

★ વિષ કા પ્યાલા રાણાજી ભેજા, પીવત મીરાં હાંસી,
મીરાં કે પ્રભુ ગિરિધરનાગર, સહજ મિલે અવિનાશી.

★ **મીરાં** -જો પહિરાવે સોઈ પહેરું, જો દે સોઇ ખાઉં,
જહાં બેઠાવે તિતહીં બૈઠું, બૈચે તો બિક જાઉં.

★ **નરસિંહ મહેતા** - પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર !
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.

★ મધુરાધિપતેરખિલં મધુરમ્.

★ વેણીશંકર પુરોહિત - તમારા વિનાના અમે અમારા વિનાના.

★ યાદ કોને કરી તમે ભૂલું ?
કોણ દુનિયામાં તારી તોલે છે ?

★ પળભર જો બુદ્ધિને તડકે મુકી શકો, ખુદને ખુદાની સમીપે મુકી શકો.
છતાં પણ ચાલનારાઓને બહુ તકલીફ લાગે છે.
જુઓ તો ખાસ કંઈ ગિરદી નથી ઈશ્વરના રસ્તા પર.

★ ઝાહિદ મને રહેવા દે તબાહી ભર્યા ઘરમાં,
મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ.

★ મન ઐસા નિર્મલ ભયા જૈસા ગંગા નીર,
પીછે પીછે હરિ ફિરે કહત કબીર કબીર

★ कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।

★ આશા તો એક રામ કી દુજી આશ નિરાશ ।
નદી કિનારે ઘર કરે કબુ ન મારે પ્યાસ ॥

★ જૈસા પ્રેમ પર નારીસોં ઐસા હર સે હોય,
સાંઈયાં કે દરબાર મેં પલ્લા ન પકડે કોય.

★ હમ ન મરિ હૈ મરિ હૈ સંસારા,
હમ કો મિલા જીયાવન હારા.

★ એક સાલ મૈને ખેતી પાઈ ગંગા યમુના રેતી,
રામ નામ કા બીજ પણ હૈ નિપજત હીરા મોતી.

★ માગવાનું કહે છે તો માગી રહું છું આ પ્રભુ,
દઈ દે એવું મન કે માગે એ કશું યે નહીં.

**સંત**

★ ગુરુ મોહે મારે શબ્દ કી લાઠી,
ચેલે કી મતિ અપરાધિની નાઠી.

★ દિલાસો આપનારાઓએ મારું ધ્યાન દોર્યું છે,
નહીં તો હું દુઃખી છું. એની મને ખબર ન હતી.

★ ક્યાંય તારા નામની તકતી નથી,
હે હવા, તારી સખાવતને સલામ.

★ મારી દષ્ટિએ બિનજરૂરી છે,
જે તજું છું એ મારો ત્યાગ નથી.

★ એ પણ હતો સમય હતાં મુજ પર દુઃખો સવાર,
આપણ સમય છે, પોતે દુઃખો પર સવાર છું.

★ જે પતન જોવા અમારું રાત દિન કરતા રમત,
એમના ઉત્કર્ષ માટે પણ દુઆ કરતા રહ્યા.

★ આવો, આંખોમાં આંજી લો,
સાધુ પાછા ક્યાં ફરવાના ?

★ પછી ફર્ક શો રેશમ અને કંતાનમાં,
જ્યાં હવે બેસી જવાયુ ધ્યાનમાં.

★ બિચારી પ્રકૃતિ પાસે ન રહી મૌલિકતા,
વસંતમાં ય તમારી સુવાસ લાગે છે.

★ એ જ તો રાઝ છે ફકીરીનો,
હોય કંઈ ના ને આપવા લાગે.

★ રહેવા દે બાપુભાઈ તું સમજી નહીં શકે,
મેલું શું કામ હોય છે પહેરણ ફકીરનું.



★ ખરી જવું પડે તો યે ન છોડવી ખુશ્બૂ,
અસાર જગને મળ્યો કંઈક સાર ફૂલોનો.

★ તપ કીધું એવું કે લઈ લીધું બ્રહ્માંડ,
કોઈ પણ વસ્તુ અમે ત્યાગી નહીં.

★ અસલમાં એ જ તો રસ્તાની ચાલ સમજે છે,
સફરની ધૂળને જેઓ ગુલાબ સમજે છે.

★ માત્ર પચાંગો વડે તિથિઓ અલગ વર્તાય છે,
અન્યથા એની ગલીમાં નિત્ય પૂનમ હોય છે.

★ એ જ છે સાચો ઝવેરી સારહીન સંસારમાં,
કાચ ને હીરામાં જેને ફેર દેખાતો નથી.

★ એવો કોઈ દિલાવર જગતમાં નજર આવે,
આપી દે મદદ કિન્તુ લાચાર ન બનાવે.

★ એના સિવાય દર્દનો બીજો નથી ઈલાજ,
આનંદથી નિભાવો બધી સારવારને.

★ રૂપની એટલી અસર લાગી,
થઈ ગયા રંગરાગ વૈરાગી.

★ કાંઠેથી તમાશો જોનારાને એક ભારે આફત થઈ ગઈ છે,
નૌકા તો અમારી મધદરિયે ડુબીને સલામત થઈ ગઈ છે.

★ સંપૂર્ણતાએ પહોંચી નથી ત્યાગભાવના,
વૈરાગ્ય પર હૃદયને અત્યારે ય રાગ છે.

★ ભયના સાગરમાં ડુબી જાય છે કાંઠાવાસીઓ,
નાવડીને ગેલ કરતી જોઈ મઝધારમાં.

★ આત્મા પરમાત્માને દેહ માટીને દીધો,
જે મતા જેની હતી તેને બધી સોંપાઈ ગઈ.

★ ખુદ અમરતા રહી ગઈ એના ચરણની ધૂળ થઈ,
મંઝિલો કાંધે લઈ ફરનાર મસ્તાનો હતો.

★ એવો પણ છે એક ભગીરથ,
ગંગા જેના ઘટમાં ભળી છે.

★ ફગાવી તો જુઓ ઈચ્છાનું બંધન,
કમંડળ કામધેનુ થઈ શકે છે.

★ વૃક્ષને તાજા પવનનો કેફ છે,
પથ્થરો પર કંઈ અસર થાતી નથી,
એ ઋતુના ચક્રથી વાકેફ છે

★ હોય છે એ જગતથી બેપરવા,
જાત પાગલની બહુ જ ડાહી છે.

★ બાદશાહોની ખુશામત કેવી ?
હું ફકીર છું, તું ભલે સિંકંદર છે.

★ बात तो बात थी, आप के मुँह से निकली
सौगात हो गई ।

★ चलती चक्की को देखकर हँसते,
हाय क्या हो गया कबीरो को ?

★ थककर बैठ गई है आँधी,
समय बड़ा चंचल होता है ।

★ ફળ પાકે, પાડવું ન પડે, પડી જાય,
જ્ઞાન પાકે, સંસાર છોડવો ન પડે, છુટી જાય.

★ બહેતા પાની નિર્મલા બંધા ગંધા હોય,
સાધુ તો ચલતા ભલા દાગ ન લાગે કોય.

★ મારગ સાચા કોણ બતાવે ?
જાકુ જઈ કે પૂછીએ વે તો અપની અપની ગાવે.

**સજ્જન**

★ હૈયે વડવાનલ જલે તો યે સાગર ગાય,
હસી જાણે જગ ઝેર પી સંતન તે કહેવાય.



★ મને હસાવ નહીં વિશ્વમાં વિધિ મારા,
કોઈ દુઃખી મને જો દેખશે દુભાઈ જશે.

★ એ બીજાની હોત તો રોયા કરત હું કેટલું !
હસતાં હસતાં હું સહન જે વેદના કરતો રહ્યો.

★ જરૂરત વિણ કોઈએ એટલું આપી દીધું ઓજસ,
કે વાસ્તવમાં હવે મુજને જરૂરતની જરૂરત છે.

★ પચાવી જાણે તો અમૃતથી કમ નથી એ પણ,
અમર થઈ ગયા શંકર જગે હળાહળથી.

★ પ્યાસાની વેદનાઓ સમજવાની પ્યાસ છે,
છીપી રહી છે પ્યાસ અમારી એ પ્યાસમાં.

★ અશ્રુવિહોણી આંખોની કિંમત નથી કોઈ,
હીરા છે એ જ કિંમતી જે પાણીદાર છે.

★ કરે છે નમ્રતા વશમાં સદા હરીફોને,
છે એની જીત જે પોતાની હાર માને છે.

★ નમ્રતાના જગતનો આ કાનૂન છે,
હાર માની લો એ પણ ગણાશે વિજય.

★ જગતના માનવી માટે જગતના સૌ સીમાડા છે,
કવિ છું મારે માટે તો બધા રસ્તા ઉઘાડા છે.

★ મળો છો તો તરત મુખ ફેરવી લ્યો છો, હું સમજું છું,
ડરું છું કે હવે એ વાત ચર્ચાશે તો શું કરશો ?

★ ભલેને લોક હસે આપણાં ઉપર કિન્તુ,
હૃદયમાં કોઈને ઈર્ષ્યા હવે નહીં જાગે.

★ પતનમાં પણ અમારો એ જ પાણીદાર ચહેરો છે,
આ ફૂલો કંઈ અમારી જેમ કરમાઈ નથી શકતાં.

★ મને ગર્વ છે કે મારી આ ગરીબી,
અમીરાતની અલ્પતાઓથી પર છે.

★ હો ફક્ત બુદ્ધિ તો દુનિયા ક્રૂર છે નિષ્ઠુર છે,
લાગણી માટે બધું યે પ્રેમથી ભરપૂર છે.

★ હરણ સીતાઓનું તો માત્ર એક બહાનું છે,
બધાં જ રાવણો અંતે ઢળે છે રામ તરફ.

★ પથ્થરને ય રસ્તાના નકામો ન સમજ,
થાકેલા મુસાફરનો એ સધિયારો છે.

★ જીવન બાળનારા જીગર છેદનારા,
સલામત રહે મુજને ભૂલી જનારા.

★ પથ્થરનો નથી દોસ્ત બરફનો છું પહાડ,
શાંતિ અને શીતળતા તને મળવાનાં.

★ એ નીચતા ન જોઈએ મારે ઓ પ્રભુ !
દુશ્મનની નિરાશામાં મને મોજ ન આપ.

★ એ શ્રેષ્ઠતર ઉપકાર છે ઉપકારોમાં,
ઉપકૃતનો જેમાં પરિચય પણ ન હો.

★ નથી હું ફરિશ્તો ઓ નિંદકો મારા,
હું માનવી છું, તમારા બધા ય જેવો છું.
નિહાળું છું હું તમારામાં દોષ જે દિવસે,
મને એ દિવસ ફક્ત મારો વાંક લાગે છે.

★ પાગલોના પથ્થરોની વાત કરશો ક્યાં સુધી ?
એ બિચારાને તો એ કાયમની માથાફોડ છે.
અમારા દુઃખો માટે છે એ જ દોષિત,
અમે તો ય એની વકીલાત કરશું.

★ ભિખારી દોસ્ત તારી મારી હાલત એક સરખી છે,
ફરક છે એ કે તું માંગે છે, હું માગી નથી શકતો.
ખુશી દેજે જમાનાને મને હરદમ રુદન દેજે,
અવરને આપજે ગુલશન મને વેરાન વન દેજે.



★ વરસાવી દો નયનનું બધું ઝેર મુજ પર,
થોડું રહી જશે તો પચાવી નહીં શકો.

★ कागज की एक नाव अगर पार हो गई,
इसमें समन्दरो की कहां हार हो गई ?

★ बात तब है कि दुश्मनों से भी
जब करो दोस्ती की बात करो

★ તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો,
ખારા જળનો દરિયો ભરિયો મીઠા જળનો લોટો.
તરસ્યાને તો દરિયાથી એ લોટો લાગે મોટો.

★ Practice empathy (સહાનુભૂતિ), try to see things from others people's pionts of view.

★ There is a master key to success with which no man can fail, Its name is Simplicity.

★ Do not forget little kindnesses & do not remember small foults.

★ જિંદગી હળવી ફૂલ થઈ જશે, કોઈના બોજને ઉપાડી દો.

★ બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે, ત્યાં બીજાનો વિચાર દે.

★ કબીરા ખડા બાજાર મેં લેકર મશાલ કો હાથ,
જો બારે ઘર આપકા, ચલે હમારે સાથ.

★ માનવી તું શેરડીનો સાંઠો છે,
કૂચા ભલે તારી પાસે રહે, રસ તું જગને પાજે.

★ સૂકા પર્ણો વન ગજવતા શાંત સદા લીલાયે.

★ માણસની માણસાઈ તો એમાં જ છે,
જીવન બગાડે એનું તું જીવન બનાવી જા.

★ તારા સુખની મહેફિલમાં સૌને નોતરજે,
પણ જમજે અશ્રુઓનો થાળ એકલો.

★ એમના ચહેરા ઉપરથી ક્યાં કશું પરખાય છે,
આંખ ભીની હોય તો પણ એ સદા મલકાય છે.

## પ્રકૃતિ

★ પુષ્પ એ સૃષ્ટિની ભાવુકતાનો દસ્તાવેજ છે,
જેની ઉપર ખુશ્બુરૂપે સહી ખુદાની હોય છે.

★ કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.

★ ચમકી રહ્યા છે ઝાકળબિંદુ લીલોતરીમાં,
મોતી જડ્યાં છે જાણે ધરતીની ઓઢણીમાં.

★ છાંયડો સૌને મળે એ કારણે તડકો ખમે,
ફૂલ ને ફળ આપીને પણ વૃક્ષ જો કેવું નમે !

★ સાહજિક હોય છે બધું સર્જન,
કોઈ શીખવે નદીને ના નર્તન.

★ માટી ! તને મૃદુ ફૂલ બની,
મહેંકવાનું સૂઝ્યું ક્યાંથી ?

★ અંધ સંસ્કૃતિને કોઈ પુત્ર એવો તો મળે,
ઊંચકી ચાલી શકે જે એની કાવડ કમ સે કમ.

## લગ્ન

★ बुरा क्या है अगर मैं घर के सारे काम करता हूँ
नहाने गर वो बैठे भी तो पानी मैं ही भरता हूँ।
तरीका अपना अपना है गृहस्थी को चलाने का
ये दुश्मन ने उडाई है कि मैं बेगम से डरता हूँ॥

★ मर्दो को उल्लु ऐसा बनाती है बीवियाँ,
सर पर चढा कर कदमों मे लाती है बीवियाँ।

★ પ્રારંભમાં સ્ત્રીને પતિ સિવાય કાંઈ જોઈતું નથી
પતિ મળે એટલે બધું માંગતી થઈ જાય છે.



★ પ્રભુને એ જ પ્રાર્થના કરી આવ્યો છું,
કે મારી પત્ની કારેલામાંથી કેરી થઈ જાય.

★ મૃત્યુ...બધી ટ્રેજેડીનો અંત,
લગ્ન...બધી કોમેડીનો અંત.

★ મરતા પુરુષનું છેલ્લે અટકે હૃદય,
મરતી સ્ત્રીનું છેલ્લું અટકે જીભ.

## ક્ષમા

★ The greatest remedy for anger is delay.

★ The price of anger is failure.

★ When a man is wrong & won't admit it, he always gets angry.

★ Anger is one letter short of danger.

★ કરી શકતો નથી હું મારા મિત્રોની કદરદાની,
ફક્ત એ કારણે, કે દુશ્મનો સાચા નથી મળતાં.

★ Forgive & forbear (સહન કરો.)

★ To err is human, to forgive is devine.

★ Love your enemies.

★ Bless them that curse you.

★ Killing the least, living the Best.

An angry man opens his mouth.
& shuts his eyes.
Control your passions or they will control you.

## સ્યાદ્વાદ

★ **મહો. શાંતિનાથ સ્તવન**
ભાવ નવો કિરિયાથી આવે, આવ્યો તે વળી વાધે,
નવિ પડે, ચઢે ગુણશ્રેણે, તેણે મુનિ કિરિયા સાધે.

★ નિશ્ચયથી નિશ્ચય નવિ જાણ્યો, જેણે ક્રિયા નવિ પાળી.

★ જિમ જિમ ભાવ ક્રિયામાંહિ ભળશે, સાકર જિમ પયમાહિં
તિમ તિમ સ્વાદ હોશે અધિકેરો, સુજસ વિલાસ ઉચ્છાહિ

★ મારગ અનુસારી ક્રિયા છેદે સો મતિહીન ।
કપટક્રિયા બલ જગ ઠગે સો ભી ભવ જલ મીન ॥
(સમાધિશતક)

## વિયોગ

★ તારા વગરની સાંજનો રાતો સૂરજ,
ડુબી જવા આંસુ અમારા માંગશે.

★ દુઃખ એ નથી કે એણે પ્રણય પર હસી દીધું,
દુઃખ એ જ છે કે ત્યાર પછી એ રડ્યાં હશે.

★ સાવકી લાગી રહી આ ભોંય પણ,
શ્વાસ લેવા શોધશું બીજી જગા ?

★ આ કેવી એકતા છે જુદાઈના મૂળમાં ?
એને ગુમાન છે તો મને પણ ગુમાન છે.

★ સૂર્ય જેવું એમનું દુર્ભાગ્ય છે,
રાત પડતા રોજ ગામતરું કરે.

★ એ ભલે જોતા નથી પણ સાંભળે તો છે મને,
એટલે તો મારા પ્રત્યે આંખ આડા કાન છે.

★ શ્વાસ જેવું એમનું દુર્ભાગ્ય છે,
સાથમાં ધબકીને છેવટ છેતરે.

★ તમને ખોયા બાદ એવી પ્યાસથી હું જોઉં છું,
જાણે સાચાં નીરમાં પણ ઝાંઝવા દેખાય છે.

★ દૂર હડસેલી દઈ દરિયો તમે,
શું હલેસા હાથમાં રાખી મુકો.

★ હર પ્રસંગે યાદ આવે છે હજી પણ એમની,
એ પરાયા થઈ ગયા ને તોય સગપણ રહી ગયાં.



★ જો તમે આંસુ વિષે કૈં પૂછશો,
આંખના દરિયા ઉલેચી નાંખશું.

★ ત્વચા મેં તો દીધી ઉતરડીને તમને,
ગમે ક્યાંથી સીવો ગમે ત્યાંથી કાપો.

★ ઓસની લાગે તરસ જો મેઘ અનરાધાર હો,
આ નજાકત વાત કેવલ ફૂલને સમજાય છે.

★ ભલા, ખુદ ચાલવાથી શું ચરણને થાક લાગે કે ?
અરે, ચાલ્યું ગયું કોઈ અને અહીં થાક લાગ્યા છે.

★ હવે શક્ય છે જીવવું કે ન મરવું,
તમે શ્વાસ ને શ્વાસ વચ્ચે ઊભા બસ.

★ જીવી પણ હું નથી શકતો મરી પણ હું નથી શકતો,
કરી છે કોઈએ એવી રીતે અડધી કતલ મારી.

★ કઠણ હોય છે જીવવાની ઘડીઓ,
મરણની ઘડી દૂર હડસેલું તો પણ.

★ પરીક્ષા જો કરવી હતી પ્રેમ કેરી,
તો કરવી હતી એક જીવનથી મારા,
મને આમ જનમોજનમ બાળનારા,
કહો કયા જનમનું તમે વેર વાળ્યું ?

★ આપ પણ એ શોધ આરંભી શકો,
આ જ દરિયામાં નદી ડુબી ગઈ.

★ વેષભૂષાથી કદી પરખાય છે આ સમય ચાલાક ?
છે બહુરૂપિયો, ક્યાંક સાબર ક્યાંક ગોકળગાય છે.

★ અમે તો છાનાં છાનાં રડ્યા,
કે અમને આંસુ ક્યાંથી જડ્યા ?

★ ના દોષ કાઢ આજ તું સઢ કે સુકાનનો,
સાચી છે વાત એ જ કે આજે પવન નથી.

★ સુવાસોથી ભરચક આ ફૂલો ખીલેલાં,
અને તારલાઓ ગગન ગીત જેવા,
છતાં કેવો ખાલી છે મોસમનો પાલવ,
તમારા વિના રાત માથે પડી છે.

★ ક્યારે થઈશું એક ? એની વાતો બહુ કરી લીધી,
હવે વાતો પૂરી થઈ હોય તો, બે કદમ તો ચાલ.

★ એક ગોપીની આંખો વરસે, આભ રુએ ઘેઘુર,
વરસે હૈયું જશોદાજીનું, આવ્યાં જમુના પૂર.

★ મળો ત્યારે બાગ-બાગ ને પછી વિરહની આગ,
હો ત્યારે પણ ન હોવા જેવા, કંઈક ભરમ જેવું લાગે.

★ આપો ત્યારે દિલ ભરીને આપો, કટકે કટકે શું આપો ?
પ્રેમને બદલે જે આપો તે દયા ધરમ જેવું લાગે.

★ અશ્રુનું ઊંડાણ માપી ના શક્યો,
ભૂરા ભૂરા દર્દના દરિયા મળ્યા.

★ છું ઈન્તજારમાં ને એ ક્યારેક આવશે,
સમજીને મારા ઘર સુધી આવી હતી સડક.

★ કિસ્મતમાં કોઈના કદી એવી ન પ્રીત હો,
જેમાં મિલનના હોઠે જુદાઈનાં ગીત હો.

★ દાઝી ગઈ એ અશ્રુના બે ચાર બુંદથી,
પ્રેમીનાં ભગ્ન દિલથી ય પોચી હતી સડક.

★ વિરહ રાતોનાં આંસુઓને કોઈ એકઠાં કરશે,
તો દવ લાગી જશે આકાશગંગાની અશાંતિમાં.

★ ક્યારેક બારી પલળીને પાણી થઈ જશે,
એની ઉદાસ આંખમાં ભીનો છે ઈન્તજાર.

★ એની ઉદાસ આંખમાં રડતો હતો સમય,
આશ્વાસનોની પાર પલળતો હતો સમય.



★ જેના વિચાર માત્રથી સૂરજ છળી પડે,
એ વેદનાનો ભાર ઉપાડે છે અંધકાર.

★ સ્વપ્નોનો ચંદ્ર વાદળોમાં ગુમ થઈ ગયો,
તારી ઉદાસ આંખથી રેલાય છે અમાસ.

★ પગરવ સુણીને આપનો શરમાય છે અમાસ,
મળતા નથી જો આપ તો લંબાય છે અમાસ.

★ મારા વિરહની રાતને ટુંકાવવા જતા,
સરહદ ઉપર ક્ષિતિજની સૂરજ બળી ગયો.

★ તારા જતાં જ મારું પણ અસ્તિત્વ ના રહ્યું,
જીવન તો તારા શ્વાસ ને ઉચ્છ્વાસથી હતું.

★ શબ્દો જ માત્ર મારા અધિકારના હતાં,
ગીતો ય કોઈનાં છે અને દર્દ કોઈનું.

★ આંજીને સૂર્ય આંખમાં રાતો વીતી ગઈ,
વહાણું કદીન વાઈ શક્યું ઈન્તજારનું.

★ કોનો પગરવ શોધવા દોડી રહ્યો ?
વ્યગ્ર મન જેવો જ રઘવાતો પવન.

★ છલકી જશે તો દાઝી જશે પ્રેમના અધર,
અશ્રુની લાશ છું, મને હળવે ઉઠાવજો.

★ એકાંતમાં તારું મિલન તરબતર જગત,
તારા વગરનું વિશ્વ પણ એકાંત લાગશે.

★ આંસુઓથી સળગે ભીંત,
નિઃશ્વાસોથી તૂટે ભીંત.

★ મિલનના સ્વપ્નનું સ્પંદન હતું હૃદયસ્પર્શી,
હજી ય ચીસના ઘુમ્મટમાં પ્યાર બોલે છે.

★ ફેલાઈને ગગનની સીમાઓ વધી ગઈ,
પડઘા તમારી યાદના જો વિસ્તરી ગયા.

★ સૂરજ ને ચંદ્ર રાત દિવસ દોડધામમાં,
દુનિયાને તે છતાં ય રહી રોશનીની પ્યાસ.

★ જુદાઈ નથી, છે તપસ્યા મિલનની,
તને પામવાં સાધના આદરી છે.

★ ધ્રુજે છે કેમ એનું પ્રતિબિંબ જળ મહીં,
વિહ્વળ થયો છે ચંદ્ર નિહાળી નદીની પ્યાસ.

વાયદો આપીને ઓ ભૂલી જનારા ! યાદ રાખ,
પાળવાના છે ઘણા આપ્યા વિનાના કાયદા.

★ એને ઉતરતા પ્રાણ તો કંઠે ચડી ગયા,
તારા વિરહની રાત તો ઊંચો પહાડ છે.

★ આ વિરહની રાત છે, તારીખનું પાનું નથી,
અહીં દિવસ બદલાય છે, તો આખો યુગ બદલાય છે.

★ આકાશમાં નિસાસાઓ ભેગાં થયા હશે,
પૃથ્વીનો ભાર કોઈ પણ ઝીલી નહીં શકે.

★ આવી જાઓ કે ભીતિ રહે છે સદા,
આવી જાયે ન મારો જવાનો સમય.

★ રાહ જોતા આંખમાં કાશી હશે,
અશ્રુઓ નિસરે તો ગંગાજળ બને.

★ ઓજસ વિરહમાં એ રીતે યૌવન ગુજારતો હતો,
પક્ષ હતો અમાસનો મોસમ હતી બહારની.

★ ઓળખું છું આ બધા વાદળ તો જુના દોસ્ત છે,
કેંક વરસોથી વરસવાનું ભૂલી બેઠા છે એ.

★ વાસ્તવમાં વિરહ પણ છે એક મૃત્યુનો પ્રકાર,
એ મરણના મુખ મહીં પણ જિંદગી જીવાઈ ગઈ.

★ તારા જ સ્વપ્ન આવીને બહેલાવતાં રહે,
મારા વિરહની રાતનું કેવું નસીબ છે !



★ વરસો વીત્યા વિરહમાં કિન્તુ,
રાત આગળ નથી વધી મારી.

★ હૃદયની વાત સમજવાનું ખૂબ કપરું છે,
બરફને તાપમાં તો સાચવી શકાય નહીં.

★ બને તો અબઘડી મારી તરસનો અંત આણી દઉં,
પરંતુ ઝેર ખુદ કોઠે પડી જાએ તો શું કરવું ?

★ પ્રેમના સંપૂર્ણ એક જ ચિત્રમાં,
એક વૃંદાવન હતું ને વાંસળી.

★ સમયનું નથી કોઈ બંધન તિમિરને,
અમે દિવસે પણ મશાલો ધરી છે.

★ આંસુઓથી આભ છલકાઈ ગયું,
રાત જાણે કે કોઈ ત્યકતા હતી.

★ દર્દની ભેટ મોકલી તેં મળી,
આંસુ એની રસીદ છે પ્યારા !

★ પ્રાણને જો તારી સંનિધિ મળે,
જાતને ત્યાગી શકે એ લહેરથી.

★ આ શરદનો ચાંદ જોઈ તારી યાદ બાળે છે,
ઘડીભર આકાશ અંધાર્યું હોત તો સારું હતું.

★ સાંજ પડતાં યે ફર્યું ના એટલે,
શોધવા પંખીને માળો નીકળ્યો.

★ પ્રેમને કારણ આજ લગી મેં એક જ ધારી હાલત જોઈ,
દિવસ કાઢ્યા વલખાં મારી રાત વીતાવી છાનું રોઈ.

★ આશરો કેવળ નદીને જે હતો,
એક સાગર એ ય ખારો નીકળ્યો.

★ એક લાશ પડી છે ધરતી પર ને ચંદ્ર કફન ઓઢાડે છે,
તારાઓ રડે છે મોં ઢાંકી, આ રાત અજવાળી ઓર જ છે.

★ માસ બારે માસ આંખે આમ ચોમાસું રહ્યું
આયખાભર એ જ તારી યાદનું વાદળ હતું

★ આમ તો નિર્વિઘ્ન પૂરી થાત બાકીની સફર,
હર કદમ પર ડંખનારી કોઈની યાદો હતી.

★ પાંપણોના બંધ બેઉ તૂટશે,
આંખમાં દરિયો ઉછળતો જાય છે.

★ ઓ દર્દ મારા પ્રેમનું ગૌરવ સંભાળજે,
ભૂલી રહ્યો છું હું મને ભૂલી જનારને.

★ હજુ આંખમાં એક તરસ્યું હરણ,
હશે ભાગ્યમાં શું વધુ એક રણ ?

★ તમારી યાદમાં રહેતો હતો એ વાત ગઈ,
હવે તો હું જ મને રોજ યાદ આવું છું.

★ એવું રડ્યો છું બેસુમાર કે જળ સમજીને,
પાતાળ ઉત્સવ ઉજવે તારા અભાવમાં.

★ શું તમને વિરહ જેવું કંઈ જ જીવનમાં નથી આવ્યું ?
નજીવા દુઃખ ઉપર શાને નયન છલકાઈ જાય છે ?

★ ઉજાગરા પણ પુખ્ત ઉંમરના થયા હવે,
એકેક રાતોનું સ્મરણ દાહક મળ્યું મને.

★ તારા સ્મરણો ભીની ખુશ્બો,
મારું અંતર બળતો ધૂપ.

★ ડંખ કાંટાના નથી ફૂલોનું ઝેર છે,
હે મહોબત, તારી પણ કેવી મહેર છે.

★ સાવ ખાલી નથી હોતી સૂકી નદી,
એને ખોદો તો નીકળે સદીની સદી.

★ શાપ કોણે સામટો દીધો તને બરફ,
હૂંફ દેનારું તને શું એક પણ નથી ?



★ તે દ્વાર પરના હળવા ટકોરા તો રદ થયા,
શાયદ એ સાંભળી લે જો માથું પછાડીએ.

★ પિસાવાનું રિબાવાનું છે,
ઓસડ ક્યાં કોઈ ઘાનું છે ?

★ સાવ ખાલી ખમ્મ કૂવો છું છતાં,
કોઈ આવીને ઉલેચે છે મને.

★ ચાંદનીની લૂ દઝાડી ગઈ મને,
પ્રેમ કીધાનો સબક છે પણ નહીં કહું.

★ પ્રેમ તો છે એક બળબળતું જ રણ
ફક્ત તડકો, ક્યાંય છાયો છે ભલા ?

★ સમયનું વાહન પહેલા હતી પરી,
પછી થયો અશ્વ, હવે છે કીડી.

★ ખબર છે કે દીવાલની પાર આકાશ છે જ,
પણ આ દીવાલનું શું ?

★ આ વરસતું પાણી બીજું કંઈ નથી,
તું જ વરસે છે અહીં વરસાદમાં

★ વસમી નથી હોતી વિદાય, પ્રતીક્ષા બાંધી રાખે છે,
વસમી તો હોય છે જુદાઈ, જે બધું વીખેરી નાખે છે.

★ આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો,
દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે.

★ રંગનો વહેવાર ઓછો થઈ જતા,
ચૂંદડી પોતે બની ગઈ કામળી.

★ પોલાણ એટલું જીવનમાં વિસ્તરી ગયું,
જાણે કે એ જ એક બીજું નભ બની ગયું.

★ ખાતરી કરવા અરીસાને ચૂંટી ખણવી પડે,
આટલા દુષ્કાળમાં આંખોનું ભીંજવું સતત ?

★ એક પંખી નથી તો લાગે છે,
ડાળ જાણે કે ચીતરેલી છે.

★ બની જાઉં છું લોહીલુહાણ હું,
સ્મૃતિને ય કેવી અણી હોય છે !

★ સંવત્સરો, યુગો નહીં કલ્પો વીતી ગયા,
આંબી શક્યો ન ચાંદ હજી પણ અમાસને.

★ માછલીની જેમ દરિયો તરફડે છે રાતભર,
ને સવારે કોઈનાં પગલાં મળે છે રેતમાં.

★ ઉત્સવ સમું આ શું હશે તારા અભાવમાં,
દરરોજ મારી આંખમાં મેળો ભરાય છે.

★ રાત આખીનો હશે ઉજાગરો,
ઉંબરાની આંખ પણ સૂઝ હતી.

★ જન્મોજનમ હું ફૂલ થઈ ઉગતો રહ્યો,
પહોંચ્યો નથી પવન કદી તારા શહેરમાં.

★ કોણ જાણે કેટલા વર્ષો થયા,
યાદના એ છોડવા વૃક્ષો થયાં.

★ આંખોની આ તો જીદ કે ખુલ્લી રહ્યા કરે,
નહિતર પ્રતીક્ષા કોણ કરે આટઆટલી ?

★ પ્રીતનો ટૂંકો પરિચય આટલો,
શ્વાસે શ્વાસે એક સણકો જોઈએ.

★ આ અષાઢી આંખ રાધાની હશે,
કૃષ્ણ તો ઝરમર વરસતા હોય છે.

★ સ્તબ્ધતા આ ચાંદની, આ વાદળા,
રાત કોનું શબ ઉઠાવી જાય છે ?

★ અંતિમ દર્દ હોય તો આવે છે સ્તબ્ધતા,
સાચો વિરહ છે એ જે રડાવી નહીં શકે.



★ તમે આ એના બદલામાં વિરહની રાત આપી છે,
કે મેં જે દઈ દીધા છે મારા જીવનના દિવસ તમને.

★ અંત વેળા છે ન એની રાહ જો બેફામ તું,
જિંદગીની જેમ તારું મોત ના બરબાદ કર.

★ દુઃખની વચ્ચે જીવવાની એ જ બે ત્રણ રીત છે,
સામનો કર કે સહન કર કે પછી ફરિયાદ કર.

★ દ્વાર ખુલ્લા છે હવે ચોમેર તારે કારણે,
ઘર હતું તે થઈ ગયું, ખંડેર તારે કારણે.

★ તું નહીં હો તો જગત આખું જ ભ્રમણા લાગશે,
ઝાંઝવા હો કે ઝરણ સહુ એક સરખા લાગશે.

★ દિલની દુનિયામાં બધાં અવળા જ ધારા લાગશે,
જે પીડા દેશે જીવનભરની એ પ્યારા લાગશે.

★ લૂંટાવી દીધી છે જેણે વસંતો એ જ ઉપવન છું,
ન કરજો કોઈ મારું મૂલ્ય મારી પાનખર પરથી.

★ તું તો બધા પ્રસંગ લઈ નીકળી ગઈ,
હું એકલો જ મારી કથામાં રહી ગયો.

★ કોઈને પણ કાંઈ પણ જેની દવામાં રસ નથી,
આખી દુનિયામાં એવું માત્ર મારું દર્દ છે.

★ તમે પણ બે ઘડી માટે જ આવો,
હવે તો જિંદગી પણ બે ઘડી છે.

★ થયો ન હારનો અફસોસ કિંતુ દુઃખ એ રહ્યું,
કે મારા આવા પરાજયમાં તારી જીત નથી.

★ જીવન બન્યું ઉદાસ તમારા ગયા પછી,
પૂનમ બની અમાસ તમારા ગયા પછી.

## વ્યવહારકૌશલ્ય

- ★ In all the world there are no words more important than thank you.
- ★ It's not enough to have a good mind, the main thing is to use it well.
- ★ It isn't the size of the dog in the fight, but the size of the fight in the dog, that counts.
- ★ It's not what you pay a man but what he costs you that counts.
- ★ keep quite & People will think you are a philosopher.
- ★ Life is an art of drawing sufficient conclusions from insufficient premises.
- ★ Misfortunes always come in by a door that has been left open for them.
- ★ Think twice before burdening a friend with a secret.

## ઉપદેશ

★ Happiness is a byproduct of an
effort to make someone else happy.

★ ગયા ભવની નવી આવૃત્તિ છે આ જીવન ?
કે કંઈ સુધારા વધારા ય છે ?

★ પહેલા સતી પ્રથા,
હવે સળગાવવાની પ્રથા.

★ દરિયામાં તોફાન - જળચરો ઊંડા ઉતરી જાય,
જીવનમાં તોફાન ત્યારે ઊંડા ઉતરી જાવ.

★ શસ્ત્ર ચીરાયા હૃદયને સાંધી શકાય,
શબ્દ ચીરાયા હૃદયને નહીં.

- ★ Poor man wants Something, a covetious man all things.
- ★ He gives twice who gives quickly.
- ★ Master your passions & heaven is not far.



- ★ Emotions are more powerfull than reasons.
- ★ When a little voice inside says 'no'. don't bully it.
- ★ The best way to successed in life is to act on the advice you give to others.
- ★ How I like to be liked ? & what I do to be liked ? Pure charity is the desire to be useful to others without thought of recovery.
- ★ He who considers to much, will perform little.
- ★ circumtances, rulers of weak, instruments of vise.
- ★ you cannot always control circumtances, but you can control your own thoughts.
- ★ Beware of him who has nothing to lose.
- ★ Drink nothing without seeing. Sign nothing without reading.
- ★ Eating little & speaking little can never do harm.
- ★ Every cabin has its mosquito.
- ★ Every thing can be inproved.
- ★ Experience is the father of wisdom.
- ★ failure is success if we learn from it.

## મિલન

★ ભીતર અમૃત થઈને ઝરિયાં અમે તો મન ભરીને મળિયાં,
મળ્યા એમને તો ય જાણે કે અમે અમોને મળિયાં.

★ તમે મળ્યાં તો આ વૈશાખનું હૃદય તૂટ્યું,
ચિતા વિરહની તો જાતે બળી ગઈ આજે.

★ જીવનના સ્વપ્ન ભલા સત્ય થઈ શકે ક્યાંથી,
એ પાનખરમાં ખીલેલા ગુલાબ લાગે છે.

★ પુખર થઈ ગયો તલસાટ એક ચાતકનો,
સુરાહી વાદળીઓની ઢળી ગઈ આજે.

★ તું આવશે ને ભરોસો નહીં કરે આંખો,
કદાચ એવો હવે ઈન્તેઝાર થઈ જાશે.

★ મહેંકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબ વસંતના.

★ અંતરનો સઘળો ઉભરો ઉમટ્યો છે આંખડીમાં,
ભરતીના નીર જેવી રીતે વળે નદીમાં.

★ આખ્ખે આખો હું હવે એક બાગ છું,
ફૂલ અડક્યું છે મને રોમાંચનું.

★ વિરહી હૃદય મિલનમાં વિચારે છે એ જ વાત,
મરવાને માટે હમણા બહુ સારો લાગ છે.

★ મિલન અમારું જીવનભરનું છે જગતને કહો,
નદી સમુદ્રને અળગી થવા નથી મળતી.

★ શમણું છે એ કહો છો તો માની લઈશ હું,
મેં તો હજી બે પાંપણો ભેગી કરી નથી.

★ આગમન એનું સુણીને ઉર્મિઓ હરખાઈ ગઈ,
ચાંદ ઉગ્યો પણ નહીં ને ચાંદની ફેલાઈ ગઈ.

★ અવસર હશે જરૂર મિલન કે જુદાઈનો,
ઓચિંતી દિલના આંગણે આ દોડધામ શું ?

★ અવહેલના અવગણના બધી વાત પર,
મેં સાચી જુદાઈ તો મિલનમાં જોઈ.

★ બેસી રહ્યો છું તારી ગલીમાં તો તે પછી,
ચારે દિશા છે મારી દિશા કોણ માનશે ?

★ તું પ્યાસનું પૂછે છે હું બોલી નહી શકું,
છાલા પડી ગયા છે આ મારી જબાન પર.

★ એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,
કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે.



## સંકલ્પશક્તિ

★ હાથની રેખા બદલવા શું મથો ?
આંસુઓ ક્યાં આંખમાં ઓછા હતાં ?

★ મારીને ઠેકડા અમે પહોંચીશું મંઝિલે,
શક્તિ અગાધ છે ભલે પાંખો કપાઈ છે.

★ પ્યાસ સાચી હોય તો મૃગજળને શરમાવું પડે,
હોય જો પીનાર તો ખુદ ઝાંઝવા છલકાય છે.

★ બહુ છેટે જવા ધાર્યું તું મેં, કિન્તુ રાહમાં મંઝિલ નડી છે.

★ સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નક્શામાં નથી હોતી.

★ તુફાનનું હૈયુ ચીરીને લાગે છે કિનારે પહોંચશું,
હૈયામાં અમે જે રાખી છે એ હામ બરાબર લાગે છે.

★ એને મંઝિલ તો ભલા ક્યાંથી મળે ?
એક કદમ ભરતા જે ડરતો હોય છે.

★ થંભી ગયા તો ચોતરફ સહરા થયા,
પણ પગ ઉપાડ્યા તે જ ક્ષણ રસ્તા થયા.

★ જોઈને સૌંદર્ય મારી પ્યાસનું,
ઝાંઝવા પણ પાણી પાણી થઈ ગયા.

★ કેમ ઝુકે ના મંઝિલ ચરણે ?
હિંમત અણથક પગલા મક્કમ.

★ oportunities are usually disguised as hard work so most people don't recognise them.

★ Our greatest glory is not in never falling, but in rising every time we fall.

★ Pray not for things, but for health, wisdom & courage.

★ Destiny is not a matter of chance, it is a matter of choice.

★ Do a little more each day than you think you possibly can.
★ Do better your job, than anyone else can do it.
★ Have patience, All things are difficult before they become easy.

## નિરાશા

★ નિત્ય રહેવાનું વિચાર્યુ છે હૃદયમાં મારા
દર્દને પૂછવું પડશે કે જગા કેવી છે ?

★ મન હતું હળવું તો પર્વત ફૂલ સમ લાગ્યો મને,
બોજમાં તરણું ય પર્વત છે, હવે સમજણ પડી.

★ લીલી લીલી આરઝુઓ કેટલી ય દાઝ ગઈ,
તારી આંખોમાં તરસ મૃગજળની દેખાયા કરે.

★ ઉંધી અસર થઈ તારા ઠંડા જવાબની,
સર્વત્ર છે હૃદયમાં ફક્ત દાહ દાહ દાહ.

★ દાઝી ઉઠ્યું છે ઉમંગોનું અંગ અંગ,
ઈન્કાર તારી આંખમાં ય કેવી ઝાળ છે.

★ ઈન્કારથી તો દાઝી ગયું ફૂલ સ્વપ્નનું,
આજે તમે કહો છો કે એ મશ્કરી હતી.

★ જે વાત શરૂ કર્યે વર્ષો વીતી ગયા,
એ વાત આજ વર્ષો પછી ય અધૂરી છે.

★ મળતા નથી એ વાતની ફરિયાદ પણ નથી,
ક્યારે મળ્યા હતા એ યાદ પણ નથી.

★ હીબકાં ભરે છે ચાંદની આ મારા ખંડમાં,
લાગે છે કોઈ ભગ્ન હૈયાની વરાળ છે.

★ ખોવાઈ ક્યાં ગયા છે બધા શબ્દ એ કહે,
ક્યારેક તારી આંખ બધું બોલતી હતી.

★ હવે તો ધોળે દહાડે છે એવું અંધારું,
હજાર સૂર્ય બળે તો ય કૈં ઉજાસ નથી.



★ આવીને ક્ષિતિજ પાળ સુધી સૂર્ય ફરી જાય,
સૌભાગ્ય ઉષાનું કદી વૈધવ્ય બની જાય.

★ ઝંખના નિષ્ફળ જતા ઉઠી ગયો વિશ્વાસ પણ,
મનને ભરમાવી નથી શકતો કોઈ પગરવ હવે.

★ વાતો નદીની કેવી રીતે સાંભળી શકે ?
વર્ષોથી જોઉં છું કે આ સાગર બધિર છે

★ હું તો માનું છું મન મનાવું છું,
નિત નવા તુજ વચન તને અર્પણ.

★ આ સૂર્ય જેવો સૂર્ય પણ કેવો ગરીબ છે ?
દરરોજ સાંજે ડુબી જવાનું નસીબ છે.

★ અમે કંઈક જન્મો વટાવીને આવ્યા,
તમે એક ઉંબર વટાવી શક્યા નહીં.

★ શબ્દનું આકાશ પણ ઓછું પડ્યું,
લોહીમાં કોની અભિવ્યક્તિ હતી ?

★ ડાળ પરથી જ્યારે ઇચ્છાઓ ખરે,
ડાળખી પર બોજ વધતો જાય છે.

★ જનમો જનમથી હું તો પરિચિત છું દુઃખ થકી,
સુખ જેવું કાંઈ હોય છે એ સાંભળ્યું નથી.

★ માથું પટકે છે નિસાસાઓ હજુ નિરાશા,
ભીંત જેવી ભીંત તરડાઈ ગઈ

★ આવવાની શક્યતા કોઈ નથી,
બોરને એંઠા કર્યાનો વસવસો.

★ આથમેલા સૂરજની શરમિંદગી,
ચાંદના ચહેરા ઉપરથી નીતરે.

★ મને પીડે છે કોઈ ઈન્તઝાર સોંસરવો,
આ કોણ છે જે સમયની બહાર ઊભું છે.

★ હોઠ પર આવીને કરમાઈ ગયું,
નામ જે અંતરમાં પાંગરતું હતું.

★ તમારી સાથ જો કોઈને પ્યાર થઈ જાએ,
જીવનમાં રાત, સ્વપ્નમાં સવાર થઈ જાએ.

★ પાંપણોના દ્વારથી ઊડી ગયું,
આંખમાં તો એક પારેવું હતું.

★ આપ નહીં આવો એ નક્કી જ હતું પણ મેં તો,
મારા હૈયાથી યે આ વાતને છાની રાખી.

★ સ્પર્શ વિણ આ હાથ મુરઝાઈ ગયા,
ને મિલનની વાત રેખામાં હતી.

★ જિંદગીભર દિલની જ્વાળાઓનું અમે કરશું જતન,
એટલો સંતોષ છે સળગાવનારા આપ છો.

★ ડુબાડી છે નાવ પણ છીછરો છે સાગર,
અભાગી આ જીવ ઉગરી જાય તો શું કરું ?

★ શમણું લૂંટી નાઠું મૃત્યુ પાંપણ પાંપણ છાયો શોક,
મમતા રોઈ ધ્રુસ્કે ધ્રુસ્કે અરમાનોએ મૂકી પોક.

મને માફ કરજે અનાગત સમય,
હવે સહેજ પણ ક્યાં જગા શ્વાસમાં ?

★ આખો દિ' યત્નો હસવાના,
અડધી રાતે ડુસકા છાના.

★ રોજ રાતે વ્હાલથી વાવે મને,
ને સવારે તો ઉખાડે છે મને.

★ આપના તે આપના પારકા ચાલી જવાના,
આંખો રહી જવાની સ્વપ્ના સરી જવાના.

★ એક વાર મેં ફૂલ સમો દેખાવ કર્યો' તો,
આ એની અસર છે કે હું કરમાઈ રહ્યો છું.



★ જરા મોડું થયું પણ આખરે એની દયા ઉતરી,
અમસ્તી લાશ કંઈ દરિયા ઉપર તરતી નથી હોતી.

★ ભીની છે બંને આંખ ને કોરું કપાળ છે,
દરિયાઓ વચ્ચે બેટ ને એમાં દુકાળ છે.

★ આત્મહત્યા મેં નિરાશામાં નવી રીતે કરી,
હું તો કૂદી પડ્યો આશાના મિનારા પરથી.

★ એટલા તો ક્યાં છે દુષ્કર લાખ ટુકડા કાચના,
એક સપનું એક પથ્થર લાખ ટુકડા કાચના.

★ નહિતર સિતારા હોય નહીં આટઆટલા,
કોઈ વિરાટ સ્વપ્નના ચૂરા થયા હશે.

★ રણમાં ફર્યા કરવાનું પરિણામ જોઈ લો,
આખર પડી ગયા અમે મૃગજળના પ્યારમાં.

★ ઘણા દિવસ પછી બારીએ કાગડો આવ્યો,
ને કહી ગયો કે હવે કોઈ આવનાર નથી.

★ ખાલી રહી શક્યું ન કોઈ પણ દશામાં દિલ,
આશા ગઈ તો એમાં નિરાશા વસી ગઈ.

★ છાતીમાં મારી સેંકડો ઇચ્છાની નાવ છે,
ને આંખ સામે ખાલી થયેલું તળાવ છે.

★ બંધ થાતા લગી તમને ગોત્યા કર્યા,
આંખ મારી ખરેખર હઠીલી હતી.

★ હવે પાંપણોમાં અદાલત ભરાશે,
મેં સ્વપ્નો નીરખવાના ગુના કર્યા છે.

★ જેની ઉપર મેં હાથ મૂક્યો લાગણી ભર્યો,
ચૂંટી ખણી તો પથ્થરોનો સંઘ નીકળ્યો.

★ સવારે નીકળ્યા'તા જે કુંવારી લાગણી લઈને,
એ લોકો સાંજ ઢળતામાં ઉદાસીને વરી આવ્યા.

★ તમારા હાથમાં અત્તરની શીશી ભાળીને,
થયા હતાશ બધાં આસપાસના ફૂલો.

★ હું ધારું છું સૂકાઈ ગઈ હશે સાચી તરસ મારી,
કદાચ એથી જ મારા ભાગ્યમાં મૃગજળ પીવાનું છે.

★ વિહંગમ શી રીતે જાણી શકે મારી મુશ્કેલી,
કદમ આગળ વધે છે ત્યાં જ અટકી જાય છે રસ્તો.

★ હવે એક એવી કબરમાં હું પોઢું,
ન પૃથ્વી બિછાવું ન આકાશ ઓઢું.

★ તીર વાગ્યાં કેટલા જાણું નહીં,
યાદ બસ આંખો શિકારીની રહી.

★ એ આશા છે કોઈ ધરી જાશે ફૂલો,
અમારા ઉપર એક કબર થઈ જવા દો.

★ ડહાપણનો ભાર નિત્ય તો ઉંચકી શકાય ના,
પાગલ થવાની થાય છે ઈચ્છા કદી કદી.

★ એવી રીતે એ થોડું હસીને જતાં રહ્યા,
મારા બધાં ય સ્મિત હરીને જતાં રહ્યા.

★ વાટ મારી પણ જુએ છે કોઈ એવું માનવા,
મારા ઘરના બારણે મેં ચીતરી લીધાં નયન.

★ કઠણાઈ મારી કેવી હશે, ક્યાસ કાઢજો,
વાંકુ હતું નસીબ ને જીવન સીધું હતું.

★ ધરાની માટીમાંથી દીપ રચનારા જરા જોજે,
ગગન પરથી ખરેલા કોઈ તારા પણ હશે એમાં.

★ સળંગ એમનો હાથ માગ્યો હતો મેં,
અને એમણે હાથતાળી દીધી છે.

★ ઊર્મિઓ એમાં પાય પખાળી રમી શકી,
અશ્રુનું એમ મારાં નયનમાં ઝરણ થયું.



★ પેન્સિલો છે કે છે સમય,
જેમ છોલું છું એમ બટકે છે.

★ કદી આપના પંથમાં પાથર્યું'તું,
કરુ છું હવે એકઠા દિલના ચૂરા.

★ આ જાલિમ જમાનાની વચ્ચે જે બેફામ,
જીવી જાય એને કહું છું હું શૂરા.

★ થઈ ગયા છે આજ મારા કાળજાનાં કષ્ટ છે,
એ બધા ગઈ કાલના મારા અધૂરા કોડ છે.

★ બસ એટલે જ નાવ ડુબાડી દીધી અમે,
જ્યાં પહોંચવું હતું એ કિનારા નથી રહ્યા.

★ તૂટીને થઈ ગયું ટુકડા તને હું શું આપું ?
કે પહેલા જેવું હવે આખું આ હૃદય કયાં છે ?

★ घर से निकले थे होसला कर के,
लौट आए खुदा खुदा करके ।

★ જિંદગીનો અર્થ શું જો સાવ એ સસ્તો મળે,
ક્યાંય પહોંચાડે નહીં એવો તને રસ્તો મળે.

★ મોટાઓની અલ્પતા જોઈને થાક્યો છું,
નાનાઓની મોટાઈ જોઈ જીવું છું.

## દૃષ્ટિ

★ Wisdom is knowing when to speak your mind, & when to mind your speech.

★ you & I do not see things as they are. We see things as we are.

★ your mind can hold one thought at a time, make it positive & constructive.

★ A man is not hurt so much by what happens, as by his opinion of what has happend.

★ આપને કોણે કહ્યું કે જિંદગી સંગ્રામ છે ?
જીવતાં જો આવડે તો મોજ છે આરામ છે.

★ મસ્ત થઈને જો જીવો મીઠું ઝરણ છે જિંદગી,
ને નિસાસો નાખશો તો એક રણ છે જિંદગી

★ દવા તમને લાગુ થાય,
એ પહેલા તમે દવાને લાગુ થઈ જાઓ.

★ ચિંતા કરવાની મેં છોડી,
જેવું પાણી એવી હોડી

★ What are you so is your world.

★ લોક દિવાળી ભલે ને ઉજવે,
પેટ બાળીને તું અજવાળા ના કર.

★ છે ભૂલા પડવાનો એક જ ફાયદો,
કેટલા રસ્તા પરિચિત થાય છે.

★ સુખનો સાગર દુઃખનો દરિયો તમે કહો તે નામ,
લોક ગમે તે કહે આપણે જીવવાનું છે કામ

**આશા**

★ Blessed is he who expects nothing for he shall never be disappointed.

★ સમયનું ઊંટ થાકી જાય તો શું થાય ના પૂછો,
કદાચિત્ આપણા સંબંધમાં પાછો વળાંક આવે.

★ તીવ્ર થવા દો ઓર તરસને,
મૃગજળને બાંધીશું પાળ.

★ હું ધારું તો ય ભાગ્ય ન બદલાય પ્રેમનું,
તું ધારે તો એ વાત રમતમાં કરી શકે.

★ દોડે નદી, ઝરણ વહે દરિયો પણ આવ-જા કરે,
કોને ખબર કે આ બધા પાણીની પ્યાસ ક્યા હશે ?



★ સૂરજને સપનું કદી આવ્યું હશે ?
આંખ એની ક્યાં કદી મીંચાય છે ?

★ મિલનના સ્વપ્નનું સ્પંદન હતું હૃદયસ્પર્શી,
હજુ ય ચીસના ઘુમ્મટમાં પ્યાર બોલે છે.

★ ભીનો ભીનો એને જોવો છે હવે,
સૂર્યને મુકી દઉં ઝાકળ ઉપર.

★ કોઈ પગલા કોઈ પગરવ ન હતો દૂર સુધી,
તો ય મેં ઘરની સીમાઓને સજાવી રાખી.

★ આ જ આશા પર નિરંતર રણ હજી જીવ્યે જતું,
માછલીને ઝાંઝવામાં ફાવશે ક્યારેક તો.

★ કોઈ મારું થશે એવી હજી શ્રદ્ધા છે હૈયામાં,
હસો મિત્રો હસો કે હું ચમત્કારોમાં માનું છું.

★ અંતર રહ્યું છે એટલે તો આ રહ્યું છે ઘર,
બે ભીંત ભેગી થાય તો ઘર નીકળી જશે.

★ ઉલ્લાસના સઘળા આકારો ભૂંસાઈ ગયા છે જીવનથી,
ને સ્વપ્નાં ચઢ્યા છે જીદે કે સાકાર બનીને રહેવું છે.

★ થાય શું મૃગલાનું હે ઘેલી તરસ !
ઝાંઝવાને સૂર્ય ચાવી જાય તો.

★ કલ્પનાના સહારે જીવું છું,
મહેલ બાંધી રહ્યો છું રેતીમાં.

★ રોજ ઇચ્છાની હથેળીમાં ફૂટે છે રણ,
ક્યાં સુધી મારે હરણને મારવું પડશે ?

★ ભગ્ન હૃદય સબૂર કર વિરહની રાત ક્યાં લગી,
તારલા અસત્ થાય છે, દૂર પ્રભાત ક્યાં લગી ?

★ લાખ યત્ને પણ તૂટે ક્યાં શહેર સ્વપ્નાનું ?
સાંજ પડતાં સૌ નવો કિલ્લો ચણી લે છે.

★ મારી અનંત પ્યાસ પ્રલોભન બની ગઈ.
મૃગજળને પૂંઠે પૂંઠે ભગાડી રહ્યો છું હું.

★ રુદનનું એ જ છે કારણ કે બે આંખો, સ્વપ્ન લાખો.
ને હર સ્વપ્ને ફૂટે રસધાર, એ ધારાએ ક્યાં જાવું. ?

★ સાવ બાળકના જેવું છે નગર,
કોઈને પણ આવીને લલચાવી જુઓ.

★ નથી જેવી તેવી કૃપા પ્રેમ કેરી,
પ્રથમ એને સર્વસ્વ ધરવું પડે છે.

★ આશા ? આશા શું છે કહી દઉં ?
ફંદામાં તરફડતી હરણી.

★ આશામાં પૂરી થવાનો અર્થ ક્યાં ?
આશવંતા વાસ્તવમાં છે નિરાશ.

★ હતું જે સ્વપ્નમાં રેશમ ને મલમલ,
ને જાગીને જોયું તો કંતાન જેવું.

★ તૂટી જવાના જો જો સમંદરના સાત બંધ,
પાગલ નદીનું ગીત જીરવી નહીં શકે.

★ દૂર કોઈ આવતું દેખાય છે,
આંખડીમાં લાખ દીવા થાય છે.

★ કોઈ પ્યાસાની પડે જ્યાં જ્યાં નજર,
જાળ જળની પાથરે છે ઝાંઝવા.

★ સાવ હળવા ફૂલ જેવા થઈ ગયા,
એક ઇચ્છાને મેં ફંગોળી પછી.

★ એક રણ હતું ને રણ મહીં રસ્તો થયો હતો,
હું પણ ચમનની શોધમાં ક્યાં ક્યાં ગયો હતો.

★ હોવું આખ્ખું જો પ્રતીક્ષારૂપ હો,
તો એ હોવાને ય છલકાવી શકે.



★ પરિસ્થિતિ હવે પહોંચી ગઈ છે ક્યાં સુધી જોજો,
ગમે તે આવતું હો પણ તમારું આગમન લાગે.

★ મૃગજળ છે મારી આશ છતાં લાગતું મને,
પનિહારી કોઈ આવશે પાણી પીવાડવા.

★ પોતપોતાનાં બધાંને રણ હતાં,
શ્વાસ લેવાનાં સરસ કારણ હતાં.

★ અમે ઉંઘમાં સ્વપ્ન મોતીનું જોયું,
સવારે ખરેલાં હતાં કંઈક આંસુ.

★ આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે.

★ कागा कागा सब तन खय्यो चुन चुन खय्यो मांस,
दो नयना मत खय्यो मुझे पिया मिलन की आस ।

★ કોઈ સમય હતો જ્યારે પરસેવાના ભાવે સપના ખરીદતો
આજે એવી વેળા આવી કે આંસુડાના ભાવે વેંચતો ફરું છું

★ નથી લાગતું મારા હાલ જોઈ,
ભરોસો છે મને મારા ખુદા ઉપર.

★ મારી દુઆ કબૂલ થઈ, સો વખત થઈ,
કંઈ એવું કર કે એવો હંમેશા ભરમ રહે.

★ પ્રથમથી જો ખબર હોત તો હું જીવી નહીં શકત,
કે આખી જિંદગી વીતી જવાની છે ભરોસા પર.

★ ન રાખું આશા કદી કોઈની પાસ,
પછી કરે કોણ મને નિરાશ ?

★ આ પથ્થરોમાં શું રઝળાવે છે મને ઓ ખુદા,
ને મારા હાથમાં એક ફૂલછાબ આપીને.

★ તમે જો સાથ દેશો તો સ્વપ્ન મારું ફળી જાશે,
નહીં જો સાથ દેશો તો ભરમ મારો ટળી જાશે.

★ પ્રભુ માનવતા પરવારી રહી છે માનવીમાંથી,
ચિતારા ! ભૂલ શું છે ? રંગ ઉડે છે છબીમાંથી.

★ મિલનની કોઈ હા ભણશે મને એની ખબર નહોતી,
બિચારું દિલ દિવસ ગણશે મને એની ખબર નહોતી.

★ પ્રગાઢ રાતની કંઈયે નથી મને ચિંતા,
તમારું સ્વપ્ન હશે તો સવાર થઈ જશે.

★ આ સુખના સોણલા એ ફક્ત સોણલા નથી,
મારા ભવિષ્યમાંથી કરેલો ઉપાડ છે.

★ શ્વાસ સૌ લે છે અહીં તો આંધળા વિશ્વાસથી,
કોઈ પણ એવું નથી જેને હવા દેખાય છે.

★ કરુણતા એ જ છે કે હું ય ત્યાં પહોંચી નથી શકતો,
ઊંચા કંઈ એટલા છે મારી આશાના મિનારાઓ.

★ ખુદા તમારી પ્રતીક્ષાને આપે દીર્ઘાયુ,
જગતમાં એ જ તો મુજ જિંદગી વધારે છે.

★ સહારો છૂટી ગયો છે તો કલ્પનામાં જીવ,
અગર તણખલું નથી તો તરંગ પકડી લે.

★ પગલું થયો કેડી થયો ને આખરે સડક,
અરમાન કેરા કાફલા જ્યાં થાય છે પસાર.

★ પછી કઈ રીતે થાય અરમાન પૂરા,
અમે પણ અધૂરા તમે પણ અધૂરા.

★ જે મુરઝાઈ ગયા છે વર્ષોથી તારી પ્રતીક્ષામાં,
એ ફૂલોને ફરી મહેકાવ તારી વાટ જોઉં છું.

★ ઘણી કોશિશ છતાં પણ ના લગારે આંખ મુજ લાગી,
જણાયું આભ-ધરતી કેરું અંતર મારી પાંપણમાં.

★ હવે ધોળે દિવસ આવી રહ્યા છે એમના શમણા,
દિવસ જેવા દિવસને રાત કરવાના દિવસ આવ્યાં.



★ હશે કોઈ અંદર અને વાંચશે પણ,
પડી છે ટપાલો હજી બારણામાં.

★ અડધા આંસુ અડધા સપના,
પંદર દા'ડા સુદના વદના.

★ આ ઝાંપો ફરી ખખડ્યો સતત એ જ ભાસ છે,
આ આગમન તારું છે કે આખરની શ્વાસ છે.

★ ઈચ્છાતણુ આ લિસ્ટ તો લાંબુલટાક છે,
ને આપણું લલાટ તો જો કોરું કટાક છે.

★ કોઈનાં ભીના પગલાં થાશે એવો એક વર્તારો છે,
સ્મિત ને આંસુ બંનેમાંથી જોઈએ કોનો વારો છે ?

★ चले थे घर से समझाकर बहुत इस दिलको हम लेकिन,
नए मेले में दुनिया के नई ख़्वाहिश निकल आई ।

★ ખારવા રાખજે અતૂટ શ્રદ્ધા,
સાવ તૂટી ગઈ છે નાવ હવે.

★ ઝંખના જીવાડે છે,
એ જ તો વીતાડે છે.

★ દિલાસાની જરૂરત છે મને પ્રત્યેક ઠોકરમાં
પ્રભુ થોડી ઘણી વાચા મુકી દે સર્વ પથ્થરમાં.

## કરુણા

★ आदमी लाख संभलने पर भी गिरता है,
झुक के उसे उठा ले वह खुदा होता है ।

★ Feel for the next man & you will feel for the whole world.

## અવસર ઓળખ

★ कल की आस में जीने वाले कल क्या तुझ को मानेगा ?
आज भी तेरा कल भी तेरा पल को जो पहचानेगा ।

## દુર્જન

- ★ The smaller the heart, the bigger the tongue.
  - ★ હરિજન કી કુતિયાં ભલી બુરી સાકુંથ કી માય,
    વોહ બેઠી હરિગુન સુને, વાં નિંદા કરત દિન જાય.
- ★ સજ્જન સે સજ્જન મિલે હોવે દો દો બાત,
  ગધા સે ગધા મિલે ખાવે દો દો લાત.
  - ★ સહજ મિલા સો દૂધ બરાબર માંગ લિયા સો પાની,
    ખિંચ લિયા સો રક્ત બરાબર એ હી કબીરા વાની.
- ★ अयचितं स्यादमृतम् ।
  - ★ વાત જળની હોય ને મૃગજળ મળે,
    બારણું ખોલો ને સામે છલ મળે.

## કળા

- ★ When you shoot the arrow of truth first dip its point in honey.
- ★ The difference between ordinary & extraordinary is that little extra.
- ★ The kick of a quite horse strikes harder.
- ★ Fool resolves not to go into the water till he had learned to swim.
- ★ The only time a woman really succeeds in changing a man when he's a baby.
- ★ These are two things to aim at in life (1) to get what you want (2) to enjoy it, only the wisest of mankind achieve the 2nd.
- ★ To add a library to a house is to give that house a soul.
- ★ To be conscious that you are ignorant, is a great step, towards knoledge.



## ધર્મ

- ★ To be reasonable is to be religious.
- ★ To die for a religion is easier than to live it absolutely.

## વિરોધ

- ★ આ તેજ તેજથી તો ભટકવાનું થઈ ગયું,
  ક્યારેક અંધકારમાં રસ્તો જડી શકે.
- ★ આજે ગળે મળ્યો અને સંતોષ થઈ ગયો,
  મૃત્યુ મને તો હાથતાળી આપતું હતું.
  - ★ હમણા સુધી તો સૂર્ય હતો રાત થઈ ગઈ,
    આ બિંબ સૂર્યનું હજી ઓગળ્યું નથી.
- ★ સતત તો સાથમાં રહેવાનો કોઈ પડછાયો,
  નજીક હોવું નિકટતા ગણી શકાય નહીં.
  - ★ મૌન ઉપર શ્વેત ચાદર જોઈને,
    શબ્દથી એ વેદના સહેવાય ના.
- ★ તને એમ છે કે તને જોઉં છું,
  હકીકતમાં તો હું મને જોઉં છું.
  - ★ ઝાંઝવામાં પણ ઝરણ ડુબી ગયું,
    ઊંટના પગલામાં રણ ડુબી ગયું.
- ★ શી રીતે કોમળ નદીઓ ભોળવી ?
  કેટલી ખારાશ દરિયામાં હતી !
  - ★ હાથતાળીની ઘડી વીતી ગઈ,
    આયુ લંબાઈ ગયું છે ઝેરથી.
- ★ થોભવાનો થાક વસમો હોય છે,
  માર્ગ સમજ્યો એ ઉતારો નીકળ્યો.
  - ★ વાદળથી પગ ખસ્યો તો પાતાળ જઈ પડ્યું,
    તરતાં ન આવડે તો પાણી ડુબે જ ને ?

★ ચાલવામાં ઠેસ છે એવું સદા નથી,
શું પલાંઠીમાં ય છૂપી ઠોકરો નથી.

★ તમે મારી કબર પર આવ્યાં અને બહુ રડ્યા,
તમે બેઠા રહ્યાં, મારે ઉઠવાનું થયું.

★ જે રહ્યો કોરો જ વરસાદી ઝડી વચ્ચે ય,
એ જ તડકો તાપમાં પલળી રહ્યો છે રોજ.

★ કોનું ગજું કે નાવનું સાગરમાં નામ લે,
તોફાન ખુદ સુકાન હતું કોણ માનશે ?

★ આ વિધિના લેખ સામે પણ કદી,
હસ્તરેખાઓનો બળવો થઈ ગયો.

★ કિનારા તણાઈને પાછા ફરે છે,
અહીં ડૂબવાનો ભય જ ક્યાં રહ્યો છે ?

★ સર્પો ગયા નથી ને લિસોટા રહી ગયા,
જળમાં ડૂબી ગયા અને કોરા રહી ગયા.

★ થાકી જશે તું માર્ગમાં એ કેમ ચાલશે ?
તારી જ લાશ છે અને તારો જ સ્કંધ છે.

★ નાવડી મારી સલામત હોય છે તુફાનમાં,
હું કિનારાનો ભરોસો એટલે કરતો નથી.

★ પ્રશ્નો થાય'તા એક દિવસ અંધકારને,
પાડી શકાય કઈ રીતે ફોટો પ્રકાશનો.

**કરુણ**

★ કંઈ એવું મસ્ત દિલ હતું નિજ વેદના મહી,
વીતી ગઈ છે રાત સવારે ખબર પડી.

★ અસલ વસ્તુને કેવળ હોય છે વળગાડ કષ્ટોનું,
કદી નકલી ગુલાબોમાં અમે કાંટા નથી જોયા.

★ એમાં આનંદના પ્રસંગો છે,
કોઈ બીજાની દાસ્તાન હશે.



★ આંસુનું શું કે આંખથી એવું દડી પડ્યું,
દરિયો જ આખો એકદમ ડહોળાઈ ગયો છે.

★ મેં નદીને હાથ દીધો, તળ તપાસ્યું,
એટલે બસ જળ બધું ખારું થયું છે.

★ ગમ નિરાશા દર્દ બેચેની વ્યથા ને અશ્રુઓ,
જીવવા માટે જુઓ કેવો સરસ સામાન છે !

★ વ્યથાઓના અતિથિ ઘર કરી બેઠા હતા દિલમાં,
નહોતાં આંસુઓ તૈયાર કંઈ બેઘર થવા માટે.

★ હૃદયમાં વેદનાના વાદળો એવા છવાયા છે,
કદાચિત્ આંખમાંથી આંસુઓનાં ઝાપટા નીકળે.

★ તમે જે જોઈ રહ્યા છો એ ફૂલછાબ નથી,
મળ્યો છે એ તો કોઈ કારાવાસ ફૂલોને.

★ ડુબાડી દઈ શકું છું ગળાડૂબ સ્મિતને,
મારી કને તો અશ્રુઓની કોઈ કમી નથી.

★ હિચકારું કૃત્ય જોઈને ઇન્સાનો બોલ્યા,
લાગે છે આ રમત કોઈ શયતાનની નથી.

★ જે સુકાયા છે આંસુઓ એની,
આ નિસાસા વરાળ ભાગે છે.

★ કરું ના દાન તો કોઈ મને કંજૂસ ના કહેશો,
કે મારી પાસ તો પૂંજી ફક્ત મારી પીડાની છે.

★ એના જ હાથમાં છે હવે કાફલો સમીર,
રસ્તાની ધૂળ જેણે કદી જોઈ પણ નથી.

★ દરદ જે હોય છે દિલમાં એ આવી બહાર બોલે છે,
રહે છે મૌન જો આંખો તો અશ્રુધાર બોલે છે.

★ હા ગુરુજી આંખ પક્ષીની ફક્ત દેખાય છે,
પણ પછી બચ્ચા ત્યાં કલબલતા સતત દેખાય છે.

★ अब तुम ही कहो क्या तुम से कहे ?
वो सहते है जो सह नहीं सकते.

★ દબાવીને હું બેઠો છું જીવનના કારમા જખ્મો,
ગમે ત્યારે ફાટી જાઉં એ જ્વાળામુખી છું હું.

★ કૃપાઓ એટલી વરસી છે મૃગજળ રૂપે,
અમારે થાકીને કહેવું પડે છે પ્યાસ નથી.

★ વ્યથાની વાટને સીમાડા નથી હોતા,
આંસુ પકવવાને નિભાડા નથી હોતા.

★ સાધન પૂરા હોય છતાં જીવનની ઉણપનું શું કહેવું,
ના પ્યાસ છીપે છે અંતરની ના આંખના પાણી ખૂટે છે.

★ એની ખુશ્બુ પણ મને ડંખી ગઈ,
ફૂલના દિલમાં ય શું કાંટા હતાં ?

★ મારી ફરતે ભીડ છે સંબંધોની,
ને છતાં એકાંત વકરતું જાય છે.

★ ન ફાવ્યું તો ગયા કરમાઈ પુષ્પો પાનખર આવ્યે,
ખરી શકતા નથી કંટક એ દુઃખિયારાએ ક્યાં જાવું ?

★ કોઈ ઉનાળાને કહેજો આટલું,
તું નથી તો શું હૃદય બળતું નથી ?

★ એથી જ કાચ જેવું હૃદય તૂટતું રહ્યું,
ભૂલી જવાની વાત અણીદાર હોય છે.

★ ગયો ને જાય છે દુઃખનો સમય એક જ દિલાસા પર,
કે વીતેલો સમય પાછો કદી આવી નથી શકતો.

★ તરફડે છે એક પીંછુ જોઈને આ આભને
ઝાડ, જંગલ, પાંખ, માળો ને પછી શું શું ગયું ?

★ બસ દુર્દશાનો એટલો આભાર હોય છે.
જેને મળું છું મુજથી સમજદાર હોય છે.



★ આયનામાં ખુદને મળવાની ઘણી ઇચ્છા હતી,
લ્યો, મળ્યા તો કેમ આંસુ સારવાનું મન થયું ?

★ દિલાસો દે નહીં કે દુઃખ પછી આ મજબૂરી પણ છે,
જે અશ્રુ થઈ ગયાં છે તે હવે સ્મિત નથી થઈ શકતા.

★ તું કહે છે અશ્રુ ચાલ્યા જાય છે,
હું કહું છું જિંદગી ધોવાય છે.

★ પડી ગઈ ટેવ એવી કંઈ અમરને વેદના કેરી,
જરા શી રુઝ આવી ત્યાં જખમને ખોતરી બેઠા.

★ વેદનાને ઘાટ તો આપો જરા
દર્દ કચ્ચરઘાણ લઈને ક્યાં જવું ?

★ ભાષાની શી વિસાત છે શબ્દોનું શું ગજું ?
આંસુઓ જે દરદને બતાવી નહીં શકે

★ સહન હું તો કરી દઉં છું ન સહેવાશે તમારાથી,
એ પાનું ફેરવી દેજો, જ્યાં મારી વારતા આવે !

★ નાખુદા છે ખુદાની આશા પર,
એ હવે નાવ પાર શું કરશે ?

★ તમે કાપીને કાં ફેંકી દીધા એ તો તમે જાણે,
મેં લંબાવ્યા હતા હાથો તમોને ભેટવા માટે.

★ દાઝ્યા ઉપરના ડામ સહુ એ ગજુ નથી,
દુઃખમાં મને કોઈનો દિલાસો ન જોઈએ.

★ પી ગયો છું આંખની ભીનાશ પણ,
પાંપણો ઉંચકું તો દરિયા નીકળે.

★ ગણીને કેટલા ગણશો અમારા જખ્મ ને આંસુ ?
નહિ મળશે કદી અંદાજ સાચો દિલની થાપણનો.

★ ભીની કબરના હાથમાં ફૂલો મૂકી ગયું,
આ કોણ મારા ઘાવને તાજા કરી ગયું.

હૃદયની વેદનાનો આંસુથી અણસાર આપું છું,
કથા પૂરી નથી કહેવી નીતરતો સાર આપું છું.

★ આશરો મળશે ગણી પહોંચી ગયા,
જોયું તો ખાલી થયેલું ગામ છે.

★ એક ક્ષણ જશે તો આ સભા ય નગ્ન થઈ જશે,
આવો હે શ્યામ ! દ્રૌપદીનું છેલ્લું ચીર છું

★ There is no lasting happiness.
There are moments of happiness.

★ આંસુઓથી રણ લીલા કરવા હતો,
આંખનો કાચો કૂવો ખૂટી ગયો.

★ શક્ય છે કે એક દરિયો પણ અહીં આંસુ બને,
કોઈનો કાગળ અહીં વરસે ને ચોમાસું બને.

★ હાથમાં તરતી થઈ છે માછલી,
આંખ આપી દે તું આંસુ દાનમાં.

★ ના વહાવો આંખડીથી આમ આંસુઓ તમે,
કે અમારા ભાગ્યના નકશા બધા ભૂંસાય છે.

★ દર્પણ ઉતારો આંખમાંથી તો કહું,
થોડું ઘણું મારા તમારા પણ વિષે.

★ ન માંગ એની પાસે ગજાથી વધુ જીવન,
એક પળ એ એવી દેશે વીતાવી નહીં શકે.

★ સત્યના દર્પણમાં કંઈ જોવું નથી,
કૈંક સ્વપ્નાઓ વિખેરાઈ જશે.

★ કંટકો રસ્તા ઉપર ચાલી શકાતું પણ નથી,
ને ચરણ લોહી ભીનાં અટકી શકાતું પણ નથી.

★ વાત આંખોમાંથી ઉભરાઈ ગઈ,
લાગણીની ભાત દેખાઈ ગઈ.



★ સ્મરણશક્તિ અમારી જો કે છે નબળી બહુ કિંતુ,
નથી ભૂલાતી એ વાતો જે છે ભૂલી જવા જેવી.

★ છે ફસલ વચ્ચે ને પૂછે ઓડકારો શું હશે ?
આમ ભૂખ્યા ચાડિયાનું અંગ ગળતું હશે

★ છે કેટલા પ્રકાર રુદનના એ જોઈ લો,
એ ના જુઓ કે પાંપણો અશ્રુથી તર નથી.

★ આંખ ખોલી તો સવારે ઊંઘ પર ડાઘા હતા,
થાય પણ શું રાત આખી સ્વપ્ન બળતું હોય છે.

★ પત્રમાં અક્ષર બહુ ઓછા હતા,
ને બધાયે લોહી નીતરતા હતા.

★ હશે એના ય ચહેરા પર ડુબેલી નાવની પીડા,
અટુલી તટ ઉપર ફરતી હવાને ધ્યાનથી જોજે.

★ આવા વરસાદ તો નયનોએ ઘણાં જોયા છે,
જ્યારે અશ્રુમાં ડુબી જાતી'તી જીવનનૌકા.

★ સાપ પોતે એટલો કાતિલ ન'તો તો પછી,
ઝેર ક્યાંથી ઉતર્યું એના જ લિસોટા મહીં ?

★ નથી હોંશ જેને કશું બોલવાના,
લો એને જ લોકો સવાલો પૂછે છે.

★ આંખને તો આમ પણ સમીડા નડે,
આંસુઓ નિર્બંધ-વ્યાપક હોય છે.

★ કર્મની કઠણાઈમાં પણ કૈંક તો કરવું પડે,
હોય હોડી દોસ્ત કાગળની છતાં તરવું પડે.

★ સાત સાગર બંધ પાંપણમાં હતા,
બંધ કંઈ કાચો હતો, તૂટી ગયો.

★ આજ મુસળધાર રડવાનું થશે
આંખનું આકાશ જો ઘનઘોર છે.

વાંચન-લેખન-ચિંતન-પ્રવચનોપયોગી

# સંદર્ભ-સંચય

(લગભગ ૩૦૦ પુસ્તકોમાંથી પસાર થઈને વીણેલાં મોતીઓ)

## આચાર્ય કલ્યાણબોધિસૂરિ


પ્રકાશક :

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**પ્રાપ્તિસ્થાન :**

પી.એ. શાહ જ્વેલર્સ
૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬
ફોન : ૪૯૩૭૩૯૭ / ૪૯૩૧૧૦૮

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, ચંદ્રકાન્ત એસ. સંઘવી**
૬-બી, અશોકા કોમ્પલેક્ષ,
રેલ્વે ગરનાળા પાસે, પાટણ, (ઉ.ગુ.)

**મૂળીબેન અંબાલાલ રતનચંદ**
જૈન ધર્મશાળા સ્ટેશન રોડ, વિરમગામ
ફોન : (૦૨૭૧૫) ૨૩૨૧૨૪

**દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
૪ નંદિત એપાર્ટમેન્ટ, ભગવાન નગરનો ટેકરો,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૨૬૬૭૦૧૮૯

**બાબુભાઈ સરેમલજી બેડાવાલા**
હીરા જૈન સોસાયટી, સિદ્ધાચલ બંગલોઝ,
સાબરમતી, અમદાવાદ-૫
મો. ૯૪૨૬૫૮૫૯૦૪

**ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
બી/૫, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ,
એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૮૫
ફોન : ૨૫૦૦૫૮૩૭

**અક્ષયભાઈ શાહ**
૫૦૬, પદ્મ એપાર્ટ. જૈન મંદિર કે સામને,
સર્વોદયનગર, મુલુંડ (પ.) મુંબઈ.
મો. ૯૫૯૪૫૫૫૫૦૫
Email:jinshasan108@gmail.com

**મેહુલ જે વારૈયા**
૪૦૧, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા,
સ્ટેટ બેંકની ઉપર, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
મો. ૯૩૭૪૭૧૭૭૭૯
Email : mehuljvaraiya@gmail.com

# અનુક્રમણિકા


| | |
|---|---|
| વૈરાગ્ય | ૧ |
| પુરુષાર્થ | ૧૭ |
| મૃત્યુ | ૧૮ |
| પ્રેમ | ૨૨ |
| માતા | ૨૫ |
| શાણપણ | ૨૫ |
| જીવનકળા | ૨૬ |
| આત્માનુભૂતિ | ૨૭ |
| પ્રભુ | ૩૮ |
| સંત | ૪૫ |
| સજ્જન | ૪૭ |
| પ્રકૃતિ | ૫૧ |
| લગ્ન | ૫૧ |
| ક્ષમા | ૫૨ |
| સ્યાદ્વાદ | ૫૨ |
| વિયોગ | ૫૩ |
| વ્યવહારકૌશલ્ય | ૬૩ |
| ઉપદેશ | ૬૩ |
| મિલન | ૬૪ |
| સંકલ્પશક્તિ | ૬૬ |
| નિરાશા | ૬૭ |
| દૃષ્ટિ | ૭૨ |
| આશા | ૭૩ |
| કરુણા | ૭૮ |
| અવસર ઓળખ | ૭૮ |
| દુર્જન | ૭૯ |
| કળા | ૭૯ |
| ધર્મ | ૮૦ |
| વિરોધ | ૮૦ |
| કરુણ | ૮૧ |